البلاغ ماهنامه

AL-BALAG MONTHLY

જામિઅહ ઉલૂમુલ કુર્આન,
જંબુસરનું મુખપત્ર



# અલ-બલાગ

માસિક

એપ્રિલ - ૨૦૧૯


માનદ તંત્રી

**અહમદ યાકૂબ પટેલ**

મુહતમિમ : જામિઅહ ઉલૂમુલ કુર્આન, જંબુસર




અલ - બલાગ

વૃદ્ધ મુસલમાનનો આદર અને સન્માન કરવું, અલ્લાહ તઆલાની મહાનતા અને ઈઝઝતનો જ એક ભાગ છે.

*અબૂદાવૂદ શરીફ*

એટલે કે જે કોઈ માણસ વૃદ્ધો અને વડીલોનું સન્માન કરે છે એ અલ્લાહ તઆલાનો આદર અને એહતેરામ કરે છે.

**અનુક્રમણિકા**


| | |
|---|---|
| તંત્રી લેખ | ૩ |
| મઆરિફુલ હદીસ | ૫ |
| સર્વધર્મ સમાન કે ઈસ્લામ ? | ૧૦ |
| ઈસ્લામોફોબિયા | ૧૩ |
| બુઝુર્ગોના મતભેદમાં કોણ હક ? | ૧૫ |
| રાષ્ટ્રીય એકતાની અનોખી મિસાલ | ૧૯ |
| મત – મંતવ્યનું બલિદાન | ૨૧ |
| હઝ. મવ. મૂસા કરમાડી રહ. | ૨૪ |
| વિદાય – શુભેચ્છા સમારંભ અને એન્યુઅલ ડે ના ઝરૂખેથી | ૨૬ |
| ઝિક્રની ફઝીલત | ૩૧ |
| ફતાવા વિભાગ | ૩૩ |
| બોધકથા | ૩૫ |
| Wake up for Fajr | ૩૬ |
| છેલ્લા પાને | ૩૮ |



**અલ બલાગ**

*માસિક*

*માનદ તંત્રી :*

***મુફતી અહમદ દેવલ્વી***

*એપ્રિલ – ૨૦૧૯ ઈ.*

*રજબ – ૧૪૪૦ હિ.*

*વર્ષ – ૧૯, અંક – ૨*

*વાર્ષિક લવાજમ રૂા. ૧૦૦–૦૦*

*છુટક કિંમત : ૧૦–૦૦ રૂા.*

https://www.jamiahjambusar.in/Al__Balag.php

***હજિયાણી આઇશહ બહેન સારોદી અલ્લાહને પ્યારાં થયાં.***

મુળ ગામ સારોદના અને વરસોથી પોતાના પરિવાર સાથે લંડનમાં સ્થાયી થયેલ હજીયાણી આઈશહ બહેન અલ્લાહની રહમતમાં પહોંચ ગયાના સમાચાર મળ્યા. સમાચાર મળતાં જ જામિઅહમાં શોકનું મોજું ફરી વળ્યું. કારણ કે મર્હૂમાનો જામિઅહ જંબુસર સાથે આત્મિય સંબંધ હતો. જામિઅહ મર્હૂમાના ઈસાલે સવાબ માટે કુર્આન ખ્વાની કરવામાં આવી અને દુઆએ મગફિરત ગુઝારવામાં આવી.

મર્હૂમા હજીયાણી ઘણાં જ નેકદિલ ઈબાદત ગુઝાર અને મીલનસાર સ્વભાવના નેક ખાતૂન હતાં. મર્હૂમાની દીની ફિક્રોના કારણે આપનું ઘર જાણે તબ્લીગે દીનનું મરકઝ બની ગયું હતું. હફતાવાર તાલીમ માટે ઓરતોનો ઈજતેમા આપના ઘરમાં થતો હતો. મર્હૂમા પોતે તાલીમ કરતાં હતાં. ઓરતોને દીનના જરૂરી મસાઈલ બતાવતાં હતાં અને ઓરતોમાં દીની માહોલ બનાવતાં હતાં. લંડન જેવા ભૌતિકવાદી માહોલમાં આવું કામ દાદને પાત્ર છે. સાથે સાથે ગરીબો, યતીમો અને દીની મદરસઓનો ખૂબ ખ્યાલ રાખતા હતાં. દરેક દીની મિલ્લી કામોમાં પોતાનો યથાશકિત ફાળો આપતાં હતાં અને પોતાના સંબંધિત વર્તૂળમાં સ્ત્રીઓનું ધ્યાન દોરી દીનના કામોમાં ખર્ચ કરવા પ્રેરિત કરતાં હતાં.

જામિઅહ ઉલૂમુલ કુરઆન જંબુસર સાથે આપના ખાનદાનનો ઘણો જ પુરાનો રિશ્તો છે. મર્હૂમા આયશાના નેક ખાવિન્દ મર્હૂમ હાજી અ. રહમાનભાઈ જામિઅહ જંબુસરના સ્થાપના કાળથી જ સાથ સહકાર આપતા હતા. હજીયાણી મર્હૂમા પણ જીવનના અંતિમ શ્વાસ સુધી જામિઅહને મદદરૂપ થયાં. અલ્લાહ તઆલા મર્હૂમાની ખિદમતોને કુબૂલ ફરમાવે. અને જન્નતુલ ફિરદોસમાં જગા નસીબ ફરમાવે. તેમજ આપ્તજનોને સબ્રે જમીલ નસીબ ફરમાવે. અને મર્હૂમોએ શરૂ કરેલ સવાબે જારિયહનો મુબારક સિલસિલો ખાનદાનમાં કાયમ દાયમ રહે. આમીન.

---

# જામિઅહનો ૨૧ મો વાર્ષિક દસ્તારબંદીનો જલ્સો

## તા. ૧૩ એપ્રિલ ૨૦૧૯, શનિવાર

## મહેમાને ખુસૂસી :

• હઝરત અકદસ મવલાના મુફતી અહમદ ખાનપૂરી સા.દા.બ.

આલિમ : ૪૪/હાફિઝ :૪૦/મુફતી :૩/કારી :૩૯

**તંત્રી સ્થાનેથી**

દરેક કોમના મજબૂત અસ્તિત્વ માટે કોમમાં સાર્વજનિક રીતે સેવા આપતી સંસ્થાઓનું મજબૂત અસ્તિત્વ હોવું જરૂરી છે. કોઈ પણ કોમ અને સમાજ આવી સંસ્થાઓ થકી સાચા અર્થમાં 'કોમ' અને ખરી રીતે 'સમાજ' બની શકે છે. સંસ્થાઓ, જમાઅતો અને ચળવળો થકી જ સામુહિક અસ્તિત્વ અને શકિત સામે આવે છે. નહીંતર લાખો માણસોનું ટોળું ભલે હોય, કોઈ પણ કામનું નથી હોતું. નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે મદીના શરીફ આવીને પ્રથમ મુસલમાનોને એક અલગ કોમ તરીકે સંગઠિત કર્યા. ધર્મ, રીત રિવાજો, રહેણી – કરણી, વેપાર – વહેવાર વગેરે બધું આગવું, અલાયદું કરીને પછી અન્યો સમક્ષ ઈસ્લામની દાવત સ્વીકારવા અથવા મુસલમાનો સાથે શાંતિ – સંપથી રહેવાનો કરાર કરવા ગયા હતા.

અલબત્ત આ સંસ્થાઓ, જમાઅતો, સમુહોનું અસ્તિત્વ ધર્મ અને સમાજના હિત અને લાભના બંધનથી બંધાયેલું હોવું જોઈએ. સંસ્થાઓ અને જમાઅતોનું કામ કોમ અને ધર્મની સેવા અને સાચવણી હોવું જોઈએ. સંસ્થાઓ એટલા માટે હોય કે એના થકી કોમને આગળ વધવાનું પ્લેટફોર્મ મળે, રાહબરી મળે, નવી પેઢીના નવલોહિયાઓમાંથી આગેવાનો અને રાહબરો શોધી શકાય.

દરેક સંસ્થાના સંચાલકો અને આગેવાનોએ આ વાત યાદ રાખવી જોઈએ કે સંસ્થાનો મુળ હેતુ ફકત 'સંસ્થા'ની પ્રગતિ નથી. બલકે સમાજ અને ધર્મની સેવા કરવી મુળ હેતુ છે. આજકાલ સંસ્થાના સંચાલકોની દષ્ટિ ટુંકી થતી જાય છે, ઘણા લોકો વૈચારિક રીતે પરિપકવ નથી હોતા, તેઓ એમ સમજે છે કે સંસ્થાની પ્રગતિ એટલે કોમની પ્રગતિ.. અને પછી સંસ્થાને આગળ લાવવા કોમ અને સમાજના સામુહિક હિતોને પણ પાછળ મુકી દે છે, ધાર્મિક સિદ્ધાંતો અને ઈસ્લામી નિયમોને નેવે મુકીને કોઈ પણ રીતે સંસ્થાને 'ચમકાવી' દેવાના પ્રયાસો કરવામાં આવે છે. આવી રીતે સંસ્થા કદાચ ચમકી પણ જાય, પરંતુ એ સમાજને આગળ લાવવાનું કે રાહ ચીંધવાનું કામ નહીં કરી શકે એ નક્કી છે. ઈસ્લામમાં કોઈ પણ કામને અંજામ આપવા માટે એના અસબાબ અને તરીકાઓ ચોખ્ખા અને પવિત્ર હોય એ ઘણું મહત્વનું છે.

માટે સૌથી મોટી જરૂરત આ છે કે આપણે સહુ પ્રથમ આપણા મુસ્લિમ સમાજ અને ઈસ્લામ ધર્મને મજૂબત કરીએ. આ હેતુ સામે બીજા બધા ધ્યેયો ગૌણ અને તુચ્છ છે. યાદ રાખીએ, ધર્મ અને સમાજ જ આપણા રક્ષકો છે. સંસ્થાઓ નહીં, આ ધર્મ અને સમાજ કમઝોર હશે તો ગમે તેવી મોટી અને મશહૂર સંસ્થા પણ કામ નહીં આવે. મોટી મોટી સલતનતો કામ ન આવી, અને દુશ્મનોના આક્રમણ સામે ધ્વસ્ત થઈ ગઈ, ફકત એટલા માટે કે સત્તાના સિંહાસને બેસેલા લોકો ફકત સત્તાને મજબૂત કરવામાં જ મગ્ન રહયા અને સમાજ – ધર્મને ભૂલી ગયા હતા.

આવતા દિવસોમાં ભારતમાં લોકસભા ચુંટણીઓ આવી રહી છે, આ દિવસોમાં મુસલમાનો સંગઠિત રહીને કોમ અને સમાજના હિત પ્રમાણે નિર્ણય કરે એ જરૂરી છે. મહોલ્લા કે વોર્ડમાં, ગામડામાં કે શહેરમાં, તાલુકા સ્તરે કે જિલ્લા સ્તરે અને રાજય સ્તરે મુસલમાનોની અનેક સંસ્થાઓ વિવિધ પ્રકારની સેવાઓ આપે છે. આ સંસ્થાના જિમ્મેદારો અને સભ્યો ભેગા મળીને દેશહિતમાં વિચારીને સામાન્ય લોકોને વોટ કરવા વિશે માર્ગદર્શન આપે, એ જરૂરી છે. ઘણી સંસ્થાઓ સમાજહિતનું આ કામ પણ કરે જ છે. જે મુબારકબાદીને પાત્ર છે. પણ...

આજકાલ એક ખામી આ પણ જોવા મળે છે કે કોઈ ગમે તેવી સંસ્થા હોય, એના જિમ્મેદારો કે સભ્યો આપોઆપ પોતાને રાજકીય અને સામજિક બાબતોના અનુભવી અને માર્ગદર્શક માની લે છે, અને દેશ કે સમાજહિતના નિર્ણય કરતી વેળા અનુભવી, પીઢ, મુત્સદી લોકોનું માર્ગદર્શન નથી મેળવતા અથવા આવા વડીલોના માર્ગદર્શનની અવગણના કરે છે. ફકત કોઈ સંસ્થાના પ્રમુખ બની જવાથી બધી કાબેલિયતો આપમેળે જ 'પ્રમુખશ્રી'માં નથી આવી જતી. લાંબો અનુભવ, ઊંડી જાણકારી, કોમો, પ્રદેશો, સત્તાઓ અને રાજાઓનો ઈતિહાસ, ચડતી – પડતીના નિયમો વગેરે બાબતોનું જ્ઞાન, અને સૌથી ઉપર કોમ પ્રત્યેની નિખાલસતા હોવી પણ જરૂરી છે. માટે નાના મોટા દરેક માણસો પોતાની હેસિયત સમજીને એકબીજાની સાથે રહીને અને સાથે રાખીને નિર્ણય કરે અને સમાજને માર્ગદર્શન આપે એ જરૂરી છે.

---

# મઆરિફુલ હદીસ

હઝરત મવલાના મંઝૂર નોમાની (રહ.)

*અનુવાદ : મવલાના યાકૂબ બારીવાલા સા. રહ.*

૧૩૧ *(બ્લેકબર્ન. યુ.કે.)*

## ચાશ્ત અને ઈશરાકની નફ્લો

જે પ્રમાણે ઈશાની નમાઝ પછીથી લઈ ફજર થતાં સુધીના લાંબા અંતરમાં કોઈ નમાઝ ફરજ કરવમાં આવી નથી, પરંતુ તે દર્મિયાન તહજ્જુદની અમૂક રકાતો પઢવાની પ્રેરણા આપી છે એ જ મુજબ ફજરથી લઈ ઝોહર સુધીના લાંબા અંતરમાં પણ કોઈ નમાઝ ફરજ કરવામાં આવી નથી પરંતુ તે દર્મિયાન "સલાતુઝઝુહા"ના નામથી ઓછામાં ઓછી બે અને વધારે જેટલી બની શકે નફિલો પઢવાની પ્રેરણા આપવામાં આવી છે. અને એ નફિલ રકાતો સુર્યોદય પછી થોડી જ વારે પઢવામાં આવે, તેને "ઈશરાક" કહેવામાં આવે છે. અને દિવસ સારી રીતે ચઢી ગયા પછી જો પઢવામાં આવે તો "ચાશ્ત" કહેવાય છે. હઝરત શાહ વલિયુલ્લાહ (રહ.) એ તેમની હિકમત બયાન કરતાં જે લખ્યું છે તેનો ભાવાર્થ આ છે કે :

દિવસ (જે અરબોના ત્યાં સવારથી એટલે કે ફજરથી શરૂ થાય છે અને જે ચાર ભાગે વહેંચાયેલો છે. જેને ચાર પહોર કહેવામાં આવે છે.) હિકમતે ઈલાહીના તકાઝા મુજબ દિવસના એ ચારેવ પહોરોમાં કોઈ પહોર પણ નમાઝથી ખાલી ન રહે, જેથી પહેલાં પહોરના શરૂમાં ફજરની નમાઝ ફરઝ કરવામાં આવી અને ત્રીજી તેમ ચોથા પહોરમાં ઝોહર અને અસરની તેમ બીજો પહોર જે લોકોની કમાવાની મશ્ગૂલીઓને નઝર સમક્ષ રાખી ફરજ નમાઝથી ખાલી રાખવામાં આવ્યો હતો, તેમાં નફિલ અને મુસ્તહબ રીતે આ "સલાતુદદુહા" (ચાશ્તની નમાઝ) નક્કી કરી, અને તેના ફઝાઈલ અને બરકતો વર્ણવી પ્રેરણા આપવામાં આવી, કે જે ખુદાના બંદાઓ પોતાના

કામોમાંથી વખત બચાવી થોડી રકાતો તે સમયે પઢી શકે તો એ સઆદત પ્રાપ્ત કરી લે.

આ "સલાતુદદુહા" ઓછામાં ઓછી બે રકાત છે. અને એનાથી વધુ લાભકારક ચાર રકાત તેનાથી અફઝલ આઠ રકાત (હુજ્જતુલ્લાહિ લ્બાલિગહ)

આ પ્રસ્તાવના પછી સલાતુદુહા વિષે અમૂક હદીષો નીચે વાંચવામાં આવે :

(٢١٩) عَنْ اَبِی ذَرٍّ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ يُصْبِحُ عَلٰی كُلِّ سُلَامٰی مِنْ اَحَدِكُمْ صَدَقَةٌ فَكُلُّ تِسْبِيْحَةٍ صَدَقَةٌ وَكُلُّ تَحْمِيْدَةٍ صَدَقَةٌ وَكُلُّ تَهْلِيْلَةٍ صَدَقَةٌ وَكُلُّ تَكْبِيْرَةٍ صَدَقَةٍ وَاَمْرٌ بِالْمَعْرُوْفِ صَدَقَةٌ وَنَهْیٌ عَنِ الْمُنْكَرِ صَدَقَةٌ وَيُجْزِئُ مِنْ ذَالِكَ رَكْعَتَانِ يَرْكَعُهُمَا مِنَ الضُّحٰی۔ (رواه مسلم)

તરજુમોઃ– હઝરત અબૂઝર ગિફારી (રદિ.)થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ ફરમાવ્યુંઃ તમારામાંથી દરેક માણસના જોડ જોડ (સાંધાઓ)ની સલામતીના બદલામાં સવારમાં સદકો છે. (એટલે સવારમાં માણસ એવી હાલતમાં ઉઠે કે તેના હાથ પગ વગેરે અવયવો અને તેમના દરેક સાંધાઓ સલામત છે. તો અલ્લાહની એ નેઅમતના ઉપકારમાં દરેક સાંધા તરફથી તેણે સદકો એટલે કોઈ નેકી અને સવાબનું કામ કરવું જોઈએ, અને એવા કામોનું લીસ્ટ ઘણું લાંબુ છે) એકવાર "સુબ્હાનલ્લાહ" કહેવું પણ સદકો છે. અને અલ્હમ્દુલિલ્લાહ કહેવું પણ સદકો છે અને લાઈલાહ ઈલ્લલ્લાહ કહેવું પણ સદકો છે, અને "અલ્લાહુ અકબર" કહેવું પણ સદકો છે. અને ભલીવાત નો હુકમ કરવો, ત્થા બુરી વાતથી રોકવું પણ સદકો છે અને એ શુક્ર બે રકાતો પઢવાથી અદા થઈ જાય છે; જે માણસ ચાશ્ત વખતે પઢે. (મુસ્લિમ શરીફ)

ખુલાસો :– મતલબ એ છે કે માણસે તેના દરેક સાંધા તરફથી ઉપકારનો સદકો દરરોજ સવારમાં કરવો જોઈએ. ચાશ્તની બે રકાત પઢવાથી તે બધી રીતે અદા થઈ જાય છે. અને અલ્લાહ તઆલા આ નજેવા શુક્રિયહને તેના દરેક સાંધા તરફથી કબૂલ ફરમાવી લે છે. અને કદાચ એનું કારણ એ પણ છે કે નમાઝ એવી ઈબાદત છે જેમાં માણસના બધા જ અવયવો અને શરીરના દરેક સાંધાઓ ત્થા તેનું જાહેર અને ભિતર બધું જ વપરાય છે.

(٢٢٠) عَنْ اَبِی الدَّرْدَاءِ وَاَبِی ذَرٍّ قَالَا قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ عَنِ اللّٰهِ تَبَارَكَ

وَتَعَالٰی اَنَّہٗ قَالَ یَابْنَ آدَمَ اِرْکَعْ لِیْ اَرْبَعَ رَکْعَاتٍ مِنْ اَوَّلِ النَّهَارِ اَکْفِكَ آخِرَہٗ۔ (رواہ الترمذی)

તરજુમોઃ– હઝરત અબૂ દરદાઅ અને હઝરત અબૂઝર ગિફારી (રદિ.)થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ અલ્લાહ તઆલા તરફથી નકલ કર્યુ છે કે અલ્લાહ તઆલ ફરમાવે છે કે એ આદમના પુત્ર! તું દિવસના આરંભમાં ચાર રકાતો મારા માટે પઢયા કર, હું દિવસના અંત સુધી હું તારા કામો (સફળ) કરતો રહીશ. (તિર્મિઝી શરીફ)

ખુલાસો : અલ્લાહનો જે બંદો રબ્બે કરીમના આ વાયદા પર યકીન રાખી સવારમાં એટલે ઈશરાક અથવા ચાશ્ત સમયે ઈખ્લાસ સાથે ચાર રકાતો અલ્લાહ તઆલા માટે પઢશે. ઈન્શા અલ્લાહ આ હદીષે કુદસી પ્રમાણે તે જોશે કે માલિકુલ્મુલ્ક આખા દિવસની તેની જરૂરતો કેવી રીતે પુરી કરે છે.

(۲۲۱) عَنْ مُعَاذَۃَؓ قَالَتْ سَأَلْتُ عَائِشَۃَؓ کَمْ کَانَ رَسُوْلُ اللّٰهِ ﷺ یُصَلِّیْ صَلٰوۃَ الضُّحٰی؟ قَالَتْ اَرْبَعَ رَکْعَاتٍ وَیَزِیْدُ مَاشَاءَ اللّٰهُ۔(رواہ مسلم)

તરજુમોઃ– હઝરત મુઆઝા અદવીય્યા બયાન કરે છે કે મેં હઝરત આયશા સિદીકા (રદિ.)ને પુછયું કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)ચાશ્તની નમાઝ કેટલી રકાત પઢતા હતા? તેમણે ફરમાવ્યું કે ચાર રકાત, અને એનાથી વધારે જેટલી અલ્લાહ ચાહે. (મુસ્લિમ શરીફ)

ખુલાસો :– હઝરત આયશા સિદીકા (રદિ.)ની આ હદીષથી જણાય છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) ચાશ્તની નમાઝ પઢતા હતા તો વધુ ભાગે ચાર રકાત પઢતા હતા. અને કોઈક વાર એનાથી વધુ પણ પઢતા હતા. પરંતુ જાતે હઝરત આયશા (રદિ.)નો મામૂલ આઠ રકાત પઢવાનો હતો, અને તેમને આ રકાતો એટલી વહાલી હતી કે તેઓ ફરમાવતી હતી " " (જો મારા માતા પિતા ફરી દુનિયામાં મોકલી દેવામાં આવે, તો તેમને મળવાની અને જોવાની ખુશીમાં પણ હું આ રકાતો ન છોડુ)

(۲۲۲) عَنْ اُمِّ هَانِیٍٔ قَالَتْ اَنَّ النَّبِیَّ ﷺ دَخَلَ بَیْتَهَا یَوْمَ فَتْحِ مَکَّۃَ فَاغْتَسَلَ وَصَلّٰی ثَمَانِیَ رَکْعَاتٍ فَلَمْ اَرَصَلٰوۃً قَطُّ اَخَفَّ مِنْهَا غَیْرَ اَنَّہٗ یُتِمُّ الرُّکُوْعَ وَالسُّجُوْدَ وَقَالَتْ فِیْ رِوَایَۃٍ اُخْرٰی وَذَالِكَ ضُحًی. (رواہ البخاری ومسلم)

તરજુમોઃ– હઝરત ઉમ્મે હાની (રદિ.)બિન્તે અલી તાલિબથી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) ફત્હે મક્કાના દિવસે તેમના ઘેર પધાર્યા, અને ત્યાં જઈ ગુસલ ફરમાવ્યુંઃ પછી આઠ રકાતો પઢી, (અને એટલી હલ્કી અને ટુંકી પઢી કે)મેં કોઈ નમાઝ એનાથી ટુંકી જોઈ નથી. પરંતુ આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) રૂકૂઅ સિજદા બરાબર કરતા હતા. અને એ જ હદીષની બીજી રિવાયતમાં છે કે તે ચાશ્તનો સમય હતો.
(બુખારી, મુસ્લિમ)

(٢٢٣) عَنْ اَبِیْ هُرَيْرَةَؓ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ مَنْ حَافَظَ عَلٰى شُفْعَةِ الضُّحٰى غُفِرَتْ لَهٗ ذُنُوْبُهٗ وَاِنْ كَانَتْ مِثْلَ زَبَدِ الْبَحْرِ۔

(رواه احمد والترمذی وابن ماجة)

તરજુમોઃ– હઝરત અબૂ હુરૈરહ (રદિ.)થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ ફરમાવ્યુંઃ જેણે બે રકાત ચાશ્તની પાબંદી કરી, તેના બધા ગુનાહ માફ કરી દેવામાં આવશે. ભલે તે સમુદના ફિણ બરાબર વધારે હોય.

ખુલાસો :– ઈબાદતો અને બીજા નેક કામોની બરકતથી ગુનાહો માફ થવા વિષે જે ખુલાસાઓ પહેલાં ઘણી વાર વર્ણન થઈ ચુકયા છે. તે અહીંયા પણ ધ્યાનમાં રાખવા જોઈએ.

(٢٢٤) عَنْ اَبِی هُرَيْرَةَؓ قَالَ اَوْصَانِیْ خَلِيْلِیْ بِثَلَاثٍ بِصِيَامِ ثَلٰثَةِ اَيَّامٍ مِنْ كُلِّ شَهْرٍ وَّرَكْعَتَیِ الضُّحٰى وَاِنْ اُوْتِرَ قَبْلَ اَنْ اَرْقُدَ۔ (رواه مسلم)

તરજુમોઃ– હઝરત અબૂ હુરૈરહ (રદિ.)થી રિવાયત છે કે મારા મેહબુબ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ મને ત્રણ વાતોની ખાસ વસિય્યત ફરમાવી છે. એક દરેક માસમાં ત્રણ રોઝા અને ચાશ્તની બે રકાતો અને ત્રીજું એ કે સુતા પહેલાં વિત્ર પઢી લઉ. (મુસ્લિમ શરીફ)

(٢٢٥) عَنْ اَبِی سَعِيْدٍؓ قَالَ كَانَ رَسُوْلُ اللّٰهِ ﷺ يُصَلِّی الضُّحٰى حَتّٰى نَقُوْلَ لَايَدَعُهَا وَيَدَعُهَا حَتّٰى نَقُوْلَ لَايُصَلِّيْهَا۔ (رواه الترمذی)

તરજુમોઃ– હઝરત અબૂ સઈદ ખુદરી (રદિ.)થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) (કદી કદી) ચાશ્તની નમાઝ

(એટલી પાબંદીથી) પઢતા હતા કે અમે કહેતા હતા કે હવે કદાચ આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) કદી છોડશે નહીં, (અને બરાબર પઢયા જ કરશે) અને (કોઈ કોઈ વાર) એને એવી છોડી દેતા હતા કે અમે કહેતા હતા કે હવે કદાચ આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) એને પઢશે જ નહીં.

*(તિર્મિઝી શરીફ)*

ખુલાસો : હઝરત આયશા સિદ્દીકા (રદિ.)એ રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)ની ચાશતની નમાઝ ન પઢવાનું કારણ બયાન કરતાં એક મોકા પર ફરમાવ્યું હતું કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ ઘણા વખતે એવા અમલો પણ છોડી દેતા હતા, જે આપને ઘણા જ પસંદ હતા, એ ભયથી કે આપને પાબંદી કરતા જોઈ આપના અનુકરણમાં બીજા મુસલમાનો પણ તેને પાબંદીથી કરવા લાગે અને એના ફરજ હોવાનો હુકમ ન આવી જાય.

મતલબ કે ઈશરાક અને ચાશત જેવી નફિલો ઘણા વખતે આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) મસ્લેહતથી છોડી દેતા હતા અને એવા હેતુથી છોડનારને તે છોડવાના સમયમાં પણ બરાબર સવાબ મળતો રહે છે. અને ખુલ્લી વાત છે કે આ મસ્લેહત માત્ર આપની સાથે ખાસ હતી, કોઈ બીજાનું એ સ્થાન નથી.

જામિઅહ જંબુસરના મુદર્રિસ અને જામિઅહના જ ફાઝિલ જનાબ મવલાના તાહિર સા. નદવી, દેવલ્વી સા.ના વાલિદે મોહતરમ જનાબ મવલાના સાદિક બિલ્લાહ, સાહેબ એક અઠવાડિયા પહેલાં ઉમરહની મુબારક સફરે હરમૈન શરીફ ગયા હતા, ત્યાં જ શુક્રવાર તા. ૨૯ માર્ચના દિવસે મદીના શરીફ ખાતે અલ્લાહની રહમતે પહોંચી ગયા. ઈન્નાલિલ્લાહ. મરહૂમના અન્ય એક પુત્ર મોલ્વી શાહિદ પણ જામિઅહના ફાઝિલ છે, મરહૂમ મવલાના નઝીલ દેવલ્વી સાહેબ. (ઉસ્તાદે હદીસ માટલી વાલા ભરૂચ)ના નાના ભાઈ અને જામિઅહના મુદર્રિસ મવલાના અબ્બાસ દસુ અને એકાઉન્ટન્ટ ઝુબેરભાઈના બનેવી હતા. અલ્લાહ તઆલા મરહૂમની મગફિરત ફરમાવે. જન્નતુલ ફિરદોસ અતા ફરમાવે. મુબારક સ્થળ મદીના શરીફ અને જુમ્અહના મુબારક દિવસે મોતની બરકતો અને બશારતો નસીબ ફરમાવે. એમના સગાંઓને સબ્રે જમીલ અતા ફરમાવે. જામિઅહ પરિવાર આ ગમમાં સહભાગી છે, મરહૂમના પુત્રો અને સગાઓની સેવામાં તઅઝિયત પેશ કરે છે.

# સર્વધર્મ સમાન કે ફક્ત એક ધર્મ ઇસ્લામ ? કુરઆન શું કહે છે ?

–મુફ્તી ફરીદ અહમદ કાવી.

بسم الله الرحمن الرحيم

وَإِذْ أَخَذَ اللّٰهُ مِيثَاقَ النَّبِيِّينَ لَمَآ اٰتَيْتُكُمْ مِّنْ كِتٰبٍ
وَّحِكْمَةٍ ثُمَّ جَآءَكُمْ رَسُولٌ مُّصَدِّقٌ لِّمَا مَعَكُمْ لَتُؤْمِنُنَّ
بِهٖ وَلَتَنْصُرُنَّهٗ ؕ قَالَ ءَ اَقْرَرْتُمْ وَاَخَذْتُمْ عَلٰى ذٰلِكُمْ
اِصْرِيْ ؕ قَالُوْٓا اَقْرَرْنَا ؕ قَالَ فَاشْهَدُوْا وَاَنَا مَعَكُمْ مِّنَ
الشّٰهِدِيْنَ ﴿٨١﴾ فَمَنْ تَوَلّٰى بَعْدَ ذٰلِكَ فَاُولٰٓئِكَ هُمُ
الْفٰسِقُوْنَ ﴿٨٢﴾ اَفَغَيْرَ دِيْنِ اللّٰهِ يَبْغُوْنَ وَلَهٗٓ اَسْلَمَ مَنْ فِي
السَّمٰوٰتِ وَالْاَرْضِ طَوْعًا وَّكَرْهًا وَّاِلَيْهِ يُرْجَعُوْنَ ﴿٨٣﴾ قُلْ
اٰمَنَّا بِاللّٰهِ وَمَآ اُنْزِلَ عَلَيْنَا وَمَآ اُنْزِلَ عَلٰٓى اِبْرٰهِيْمَ
وَاِسْمٰعِيْلَ وَاِسْحٰقَ وَيَعْقُوْبَ وَالْاَسْبَاطِ وَمَآ اُوْتِيَ مُوْسٰى
وَعِيْسٰى وَالنَّبِيُّوْنَ مِنْ رَّبِّهِمْ ۪ لَا نُفَرِّقُ بَيْنَ اَحَدٍ
مِّنْهُمْ ۫ وَنَحْنُ لَهٗ مُسْلِمُوْنَ ﴿٨٤﴾ وَمَنْ يَّبْتَغِ غَيْرَ الْاِسْلَامِ
دِيْنًا فَلَنْ يُّقْبَلَ مِنْهُ ۚ وَهُوَ فِي الْاٰخِرَةِ مِنَ الْخٰسِرِيْنَ ﴿٨٥﴾

તરજમહ : અને યાદ કરો જ્યારે અલ્લાહે નબીઓ (અને એમની એમની ઉમ્મત) સાથે કરાર કર્યો કે હું તમને કિતાબ અને હિકમત જે કંઈ આપું, પછી તમારી પાસે કોઈ એવા રસૂલ આવે જે તમારી પાસે મોજૂદ કિતાબનું સમર્થન કરતા હોય, તો તમારે એમના ઉપર ઈમાન લાવવું અને એમની મદદ કરવી જરૂરી રહેશે. અલ્લાહ પૂછયું કે શું તમે એકરાર કરો છો અને આ બાબતે મારો કરાર સ્વીકારો છો ? તો બધાએ જવાબ આપ્યો : અમે આ કરાર કબૂલ કર્યો, અલ્લાહ તઆલાએ ફરમાવ્યું : તમે ગવાહ રહે રહેજો અને હું પણ તમારી સાથે ગવાહ છું. (૮૧) બસ હવે જે કોઈ આ આ કરારથી ફરી જાય તો આ ફરી જનાર લોકો જ ગુનેગાર છે. (૮૨) શું તેઓ અલ્લાહના દીન સિવાય બીજું કંઈ શોધે છે ? જયારે કે આસમાનો અને જમીનમાં જે કંઈ છે એ બધું, એમની મરજી હોય કે મજબૂરી, અલ્લાહને જ તાબે છે. અને એની પાસે જ એ બધાએ પરત ફરવાનું છે. (૮૩) તમે કહી દો કે અમે બધા તો અલ્લાહ ઉપર, અને અમારા ઉપર જે કંઈ નાઝિલ કરવામાં આવ્યું છે એના ઉપર, અને જે કંઈ ઈબ્રાહીમ, ઈસ્માઈલ, ઈસ્હાક, યાકૂબ (અલૈ.) અને આ બધા નબીઓની અવલાદ ઉપર નાઝિલ કરવામાં આવ્યું એ બધા ઉપર, અને જે કંઈ મૂસા અને ઈસા (અલૈ.) અને બીજા બધા નબીઓને આપવામાં આવ્યું છે, એ બધા ઉપર ઈમાન લાવી ચુકયા છે. અમે આ બધા

નબીઓમાં કોઈ તફાવત નથી કરતા. અને અમે તો એ (અલ્લાહ)ના તાબેદાર છીએ. (૮૪) અને જે કોઈ ઈસ્લામ સિવાય કોઈ બીજો દીન શોધી લાવશે તો એનો એ દીન સ્વીકાર્ય નહીં હશે. અને આવા માણસ આખિરતમાં ખોટ કરનાર લોકોમાં શામેલ હશે. (૮૫)

તફસીર : આલમે અરવાહમાં ફકત રૂહોને અલ્લાહ તઆલાએ ભેગી કરીને અંબિયાએ કિરામની રૂહો સમક્ષ એક પ્રસ્તાવ મૂકીને બધા નબીઓ પાસે એના પાલનનો એકરાર કરાવ્યો એનું વર્ણન આ આયતમાં છે.

અલ્લાહ તઆલા નબીઓ સાથે જે કરાર કરે છે અને જે હુકમ એમને આપે છે, એમાં નબીના ઉમ્મતીઓ જરૂર શામેલ હોય છે, એટલે આ નબીઓ સાથેના આ કરારનો મતલબ આ છે કે નબીઓ અને એમની ઉમ્મતથી પણ આ કરારના પાલનનો વાયદો લીધો છે. કરારનું વર્ણન કુરઆનમાં આ પ્રમાણે છે : "હું તમને કિતાબ અને હિકમત જે કંઈ આપું, પછી તમારી પાસે અને તમારી ઉમ્મત પાસે કોઈ એવા રસૂલ આવે જે તમને આપવામાં આવેલ કિતાબનું સમર્થન કરતા હોય, એટલે છેલ્લા નબી હઝરત મુહમ્મદ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ જયારે આવે (એટલે કે તમારી ઉમ્મત યૂહદી, ઈસાઈ વગેરે ધર્મના લોકો પાસે આવે) તો તમારે એમના ઉપર ઈમાન લાવવું અને એમની મદદ કરવી જરૂરી રહેશે. અલ્લાહ પૂછયું કે શું તમે એકરાર કરો છો અને આ બાબતે મારો કરાર સ્વીકારો છો ? તે બધાએ જવાબ આપ્યો : અમે આ કરાર કબૂલ કર્યો, અલ્લાહ તઆલાએ ફરમાવ્યું : તમે ગવાહ રહે રહેજો અને હું પણ તમારી સાથે ગવાહ છું.

નબીઓ સાથે કરાર, એમને પૂછીને એમની પાસે એકરાર કરાવવો અને ઉપરથી અલ્લાહ તઆલાનું એમ કહેવું કે, હું પણ આ બાબતે ગવાહ છું, આ બધું દર્શાવે છે કે બીજા બધા નબીઓ ઉપરાંત છેલ્લા નબી હઝરત મુહમ્મદ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ ઉપર ઈમાન લાવવું ઘણું જ મહત્વનું છે, અને અલ્લાહ તઆલાની ગવાહી સાથે આ બાબત જરૂરી ઠેરવવામાં આવી છે.

આમ દરેક નબી સાથે થયેલ આ કરાર દરેક ઉમ્મતે લાગુ પડે છે અને ઉપરથી એમની કિતાબોમાં છેલ્લા નબીની નિશાનીઓ પણ સ્પષ્ટ શબ્દોમાં વર્ણવવામાં આવી છે, માટે જ યહૂદી, ઈસાઈ દરેક માટે આવશ્યક છે કે હઝરત મુહમ્મદ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ ઉપર ઈમાન લઈ આવે. અને જે કોઈ આવા કરાર અને એમને કિતાબોમાં આપવામાં આવેલ નિશાનીઓ જાણવા – ઓળખવા છતાં હઝરત મુહમ્મદ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ ઉપર ઈમાન લાવવાથી ઈન્કાર કરે તો નક્કી તે મોટો ફાસિક એટલે કાફિર છે.

પછીની આયતમાં અલ્લાહ તઆલા ફરમાવે છે કે, અલ્લાહના દીન (ઈસ્લામ) સિવાય કોઈ બીજો ધર્મ તેઓ શોધે છે, તેના અનુસરણને પસંદ કરે છે, એ કેવી રીતે સ્વીકાર્ય હોય ? અલ્લાહનો હુકમ અને કરાર તો એ છે કે દરેક માણસ ફકત દીને ઈસ્લામને જ અનુસરે. અને માણસોની શી વાત ? માણસો સિવાયની તો બધી જ મખ્લૂક, આસમાન અને જમીનમાં જે કંઈ છે એ બધું એક અલ્લાહને તાબે છે, એમ તો આ બધી મખ્લૂકમાં કોઈ બુદ્ધિ કે સમજ નથી, પણ એમની તાબેદારી માણસ માટે માર્ગદર્શક છે. આ માણસોને જે થોડી સમજ અને બુદ્ધિ આપવામાં આવી છે, તેઓ આ વ્યવસ્થાથી કેમ સમજી નથી જતા કે અમારે પણ એક અલ્લાહને તાબે રહેવાનું છે.

આગળ આયત નં : ૮૪ માં નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ અને એમના ફરમાબરદાર સહાબાને સંબોધીને કહેવામાં આવ્યું કે, અમે તો અલ્લાહ ઉપર, એના તરફથી અમને આપવામાં આવેલ આદેશો ઉપર અને આગલા બધા જ નબીઓ અને એમને આપવામાં આવેલ આદેશો ઉપર, સમાન રીતે ઈમાન લાવીએ ધરાવીએ છીએ. એટલે કે અમને જુઓ, અમે તમારા ખાસ ગણાતા નબીઓ ઉપર ઈમાન લાવીને એમને પણ ખુદાના બંદા અને અમારા રસૂલ ગણીએ છીએ, પેલા તમારા નબી અને આ અમારા નબી એવો તફાવત અમે નથી કરતા, તો પછી આ એક છેલ્લા નબીનો ઈન્કાર કરીને નબીઓ માંહે ભેદભાવ કેમ કરો છો ?

છેલ્લી આયત : ૮૫ માં કહેવામાં આવ્યું છે કે અલ્લાહના દીન એટલે કે ઈસ્લામ છોડીને બીજો કોઈ પણ દીન અને ધર્મ અલ્લાહ તઆલાને સ્વીકાર્ય નથી, કોઈ ઈચ્છે કે પૂર્ણ રીતે યહૂદી કે ઈસાઈ બનીને રહે, અથવા બધી સારી વાતો ભેગી કરીને એક નવીન ધર્મની રચના કરીને એને અનુસરે, એ બધું વ્યર્થ છે. આ બધું અલ્લાહ તઆલાને કબૂલ નથી અને આમ કરનાર માણસ અલ્લાહની નજરે એનો ફરમાબરદાર નથી, બલકે ગુનેગાર છે.

બધા ધર્મોમાં અમુક બાબતો સમાન હોય છે, પણ ઘણી બધી બાબતોમાં વિરોધાભાસ હોય છે, એટલે બધા જ ધર્મોને સંપૂર્ણ રીતે સમાન સમજવા ખોટું છે, સમાનતા હોય એ મુજબ સમાન કહેવું અને એ સમાનતાના સહારે એક બીજાથી નજીક થવું અને સમાન કામોમાં સહાય કરવી – લેવી દુરુસ્ત છે, પણ વિવિધ ધર્મોની ભેદરેખા ખતમ કરીને બધા જ ધર્મોને સમાન સમજવા અથવા કોઈ નવો ધર્મ ઉપજાવવો મોટો ગુનો છે.

---

# ઇસ્લામોફોબિયા

મુળ રીતે આ પારિભાષિક શબ્દ બે શબ્દોથી બનેલો છે. ઈસ્લામ અને ફોબીયા. આ શબ્દ ઈસ્લામ ધર્મ, ઈસ્લામી સંસ્કૃતિ અને મુસ્લિમ સમાજથી ડર, ભય વગેરે માટે વપરાય છે. કહે છે કે પ્રથમવાર ૧૯૭૬ માં આ શબ્દ વપરાયો હતો ૯/૧૧ પછી એનો વપરાશ વધી ગયો.

ઈસ્લામ અને મુસલમાન વિશે લોકોના દિમાગમાં અજીબ વ ગરીબ ખોફ બેસાડવા માટે અથવા પહેલેથી મોજૂદ એવા ખોફને દર્શાવવા માટે આ શબ્દ મીડીયામાં વપરાય છે.

આજે યુરોપ અને અમેરિકામાં જે નફરત ભરી નજરે મુસલમાનોને જોવામાં આવે છે, એ ઈસ્લામોફોબિયાનું જ પરિણામ છે. આ અજાણ્યા અને બનાવટી ખોફ અને ખોટી ઓળખના પ્રભાવમાં આવીને અને ઘણીવાર સોચી સમજીને આજકાલ યુરોપના અનેક શહેરોમાં મસ્જિદો અને મુસલમાનો ઉપર હુમલો કરવામાં આવ્યા છે. બુરકો પહેરેલી સ્ત્રીઓ સાથે છેડછાડ અને ભેદભાવ કરવામાં આવે છે.

અમેરિકા અને યુરોપની નેતાગીરી પણ આ ઈસ્લામોફોબિયાનો શિકાર છે, અથવા એમ દેખાવ કરી રહી છે. બરાક ઓબામા એક તરફ એમ કહે છે કે અમારી લડાઈ ઈસ્લામ વિરુદ્ધ નથી, આંતકવાદ વિરુદ્ધ છે.

પણ સાથે જ તેઓ એમ પણ કહે છે કે, મુસલમાનોએ આંતકવાદીઓને અળગા પાડવાની અને પોતે જ એમની સામે લડવાની જરૂરત છે.

એનો સીધો અર્થ એ છે કે તેઓ ફકત મુસલમાનોને જ આંતકવાદી સમજે છે. એમને અમેરિકનો અને યુરોપીયનો દ્વારા આચરવામાં આવતા અનેક પ્રકારનો આંતક દેખાતો નથી. બર્મામાં મુસલમાનોની કત્લે આમ આંતકવાદ નથી. યુક્રેનમાં ગૃહયુદ્ધ અને રશિયન આક્રમણના નામે મુસ્લિમો અને એમની ઓળખ ખતમ કરવાના પ્રયાસો આંતકવાદ નથી ???

જો પશ્ચિમ – યુરોપ અને મુસ્લિમ વિશ્વ વચ્ચે લડાઈ નથી તો પછી યુરોપ અને અમેરિકાના મીડીયામાં રોજબરોજ મુસ્લિમો અને એમની માન્યતાઓની

ઠેકડી શા માટે ઉડાડવામાં આવે છે ? ફિલ્મો, વર્તાઓ, નોવેલો, સ્ટોરીઓ, કોમિકસ અને ઈલેકટ્રોનિકસ ગેમ અને રમકડાંઓ સુદ્ધાં પણ મુસલમાન વિરોધી બનાવવામાં આવે છે.

યુરોપના આંતકવાદીઓ થોડા થોડા દિવસના અંતરે કોઈને કોઈ બહાના હેઠળ મસ્જિદો અને ઈસ્લામિક સેન્ટરો ઉપર ચડી આવે છે, નુકસાન કરે છે, સળગાવે છે, પણ એ બધું અભિવ્યકિતની સ્વતંત્રતા કહેવાય છે. આ બધી બાબતો કેમ આતંકવાદ નથી ગણવામાં આવતી.

હકીકત આ છે કે, યુરોપ અને અમેરિકાની વિદેશનીતિ અને એના પોલીસી મેકર્સ પોતે જ ઈસ્લામોફોબિયાનો શિકાર છે. એમને દરેક વસ્તુ પાછળ ઈસ્લામનો ખતરો દેખાય છે. અને એમના પગલાં – કાયદા અને ચેતવણીઓ ત્યાંના સામાન્ય લોકોમાં પણ ઈસ્લામોફોબિયા વધારે છે. વિશ્વના અનેક દેશોમાં, વિશેષ કરીને યુરોપમાં આવીને વસી રહેલા વિદેશી નાગરિકોના કારણે ત્યાંના લોકોમાં રેસીઝમ અથવા નસ્લવાદ વધી રહયો છે. વિદેશની નાગરિકોથી નફરત કરવામાં આવી રહી છે, અને ત્યાંનું મીડીયા આયોજનબદ્ધ રીતે નસ્લવાદ અને નફરતની લહેરને એકલા મુસલમાનો તરફ વાળી રહયું છે.

અમુક લોકોમાં નફરતું ઝેર કેટલું ઊંડું છે, એ સમજવા ખાતર પાછલા દિવસોમાં ન્યુઝીલેન્ડ ખાતે મસ્જિદોમાં ગોળબારી કરનાર વ્યકિતની ગન ઉપર જે લખાણ હતું, એ જોઈ લેવું પુરતું છે. આ ગન ઉપર ઉસ્માની ખિલાફતના મુસલમાન સેનાપતિઓ, એમને હરાવનાર ઈસાઈ સેનાપતિઓ, યોદ્ધાઓ, મુસલમાન કેદીઓ અને નાગરિકોની હત્યા કરનાર ઈસાઈ અફસરો વગેરેના નામો અને ઘટનાઓ ગન ઉપર લખી રાખી હતી. એનાથી સમજી શકાય છે કે આ આતંકવાદી ઘણા લાંબા સમયથી એક વિશેષ એંગલથી જ સ્ટડી કરી રહયો હતો, અને પછી આયોજન કરીને આ હિચકારું કૃત્ય એણે અંજામ આપ્યું છે.

જરૂરત છે કે અમેરિકા અને યુરોપ એમની નીતિઓ ઉપર ફેરવિચારણા કરે, ખોટી રીતે મુસલમાનોને રંજાડવાનું બંધ કરે. સમાન દષ્ટિએ સમસ્ત વિશ્વના માનવીઓને મુલવે અને વિશ્વની દરેક કોમ માટે સમાન પોલીસી અપનાવે. આ સમાનતા જ વિશ્વશાંતિનો આધાર બની શકે છે. એના વગર આખું વિશ્વ બારૂદના ઢગલા ઉપર જ ગણવું રહયું. ....

## બુઝુર્ગોના મતભેદમાં કોણ હક ઉપર ? અને કોની વાત માનવામાં આવે ?

*(ભારત પાકિસ્તાનના ભાગલા વખતે અમુક બુઝુર્ગો ભાગલાના વિરોધી હતા તો અમુક પાકિસ્તાનના હિમાયતી હતા, એટલે ઘણા લોકો આ મતભેદથી પરેશાન અને અસમંજસમાં હતા, આ અનુસંધાનમાં જ અમુક સવાલો હઝરત શૈખુલ હદીસ મવલાના ઝકરિયા રહ.ને પૂછવામાં આવ્યા હતા, જેના જવાબ સ્વરૂપે આપ રહ.એ વિસ્તાર અને વિગતથી જવાબો આપીને વાત સમજાવી છે, આપ રહ.ના આ જવાબો ઈસ્લામી સિયાસત અથવા અલ એતેદાલ ફી મરાતિબિર્રિજાલ નામની કિતાબ સ્વરૂપે છપાયા છે. અત્રે હવે એ સવાલ જવાબનો અનુવાદ અને સાર રજૂ કરીએ છીએ. આજે પણ આ સવાલ અને એના જવાબો એટલા જ ઉપયોગી છે, કારણ કે આજે પણ ઘણી બધી બાબતોએ બુઝુર્ગો માંહે અલગ અલગ વિચારો હોય છે, જેના લઈ અમુક લોકો અસમંજસમાં મુકાય છે.)*

પ્રશ્ન : બુઝુર્ગોમાં ચાલી રહેલા આ મતભેદમાં તમારા મતે કોણ હક ઉપર છે ? અને આ બાબતે તારું શું મંતવ્ય છે ?

જવાબ :મારા વિચારે તમારો આ પ્રશ્ન એટલી હદે બેકાર છે કે જવાબ આપવાને પાત્ર પણ નથી. અલ્લાહના બંદા ! એટલું તો વિચાર્યુ હોત કે, આ બધા બુઝુર્ગોના ઈલ્મ, તકવા, દયાનતદારી, બુઝુર્ગી, દીની કામો અને ખિદમાત, દીન અને ઈસ્લામમાં એમની દઢતા, વગેરે કોઈ એવી બાબત છે જેના છેલ્લા પગથિયા ઉપર હું પોતાને મુકી શકું ? અને આવી સ્થિતિમાં મારા મોઢે અથવા મારી કલમમાં એટલી શકિત કેવી રીતે હોય શકે કે હું આ બુઝુર્ગોના મતભેદ બાબતે લવાદ બનીને કોઈ નિર્ણય સુણાવી શકું ?

બે માણસો વચ્ચે ચુકાદો ત્યારે જ શકય છે જયારે સુનાવણી કરનાર કે લવાદ બનનાર માણસ પોતે પણ આ વિષયનો કાબેલ હોય, પછી તે પૂરી રીતે બન્ને પક્ષોની વાત સાંભળે, એમની વાતોમાં રહેલા તથ્યોને સમજે, દરેકના વાંધા અને પ્રશ્નોના જવાબો બીજા પાસેથી માંગે, જવાબ ઉપર સવાલ અને એના પણ જવાબ, અને પૂરી જાણકારી મેળવી લ્યે પછી વિચારે કોની વાતમાં દમ છે ? ત્યારે જ કોઈ પોતાનો આગવો મત અને મંતવ્ય બનાવી શકે છે.

હવે તમે વિચારો, પ્રથમ તો હું એ સ્થિતિમાં બિલ્કુલ નથી આ બુઝુર્ગો સાથે

સમાન ધોરણે વાતચીત કરી શકું. અને એમની વડીલાઈ અને શફકતના કારણે કદાચ શકય હોય તો પણ મારા માટે શકય નથી કે હું સમાન રીતે આ કામ કરી શકું. અને કોઈ બાબતે મારો પાકો વિચાર અને નક્કી મંતવ્ય બની જાય, પછી પણ જો આ બુઝુર્ગો એને ખોટું કહે તો મારે મારી વાત છોડીને એમની વાત માનવી જ રહી, હું એને ટાળી શકું જ નહીં, એની ટીકા કે સમીક્ષા કરવાની વાત તો દૂર રહી.

મને તો ઘણા લોકો ઉપર નવાઈ ઉપજે છે, પઢે ન લિખ્ખે, નામ મુહમ્મદ ફાઝિલ. બે ત્રણ પેપરો વાંચી લીધા કે અખબારમાં એમના બે શબ્દોનો બેકાર લેખ છપાય ગયો તો મોટા વિદ્વાનો અને આલિમોની પણ ટીકા કરવા માંડે છે. યાદ રાખો, કોઈની ટીકા કરવા માટે પ્રથમ એની વાતનો મર્મ અને દલીલો સમજવી જરૂરી છે. કંઈ સમજયા વગર એલ ફેલ બોલવું બેવકૂફી છે. આવા લોકો પેલા વાંદરા જેવા છે, જેને એક આદુની એક ગાંઠ કયાંથી મળી ગઈ તો પોતાને મોટો વૈદ્ય સમજવા માંડયો.

નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે બતાવેલ કયામતની નિશાનીઓમાં એક નિશાની આ પણ છે : إعجاب كل ذی رأی برأيه એટલે કે દરેક માણસ એના મત અને મંતવ્યને સારું સમજીને એના ઉપર અડી રહેશે. આજે બધે જ આ સ્થિતિ જોવા મળે છે. દરેક માણસ સમજે છે કે મારા જેવો કોઈ બીજો માણસ છે જ નહીં. હું જે સમજું છું એ જ સાચું છે. પછી નાના મોટા, વડીલ કે આલિમ, દરેકે એના વિશે જે કહેવું હોય તે કહે.

વિચારો કે હઝરત અકદસ હકીમુલ ઉમ્મત થાનવી રહ. ૧૩૦૧ હિ.માં ફારિગ થયા અને આલિમ ફાઝિલ બન્યા. ત્યાર પછીથી આજે ૧૩૫૭ હિ. સુધી કુરઆન અને હદીસ, અને દીની વિદ્યાઓની તાલીમ – તદરીસ, બાતેની અને રૂહાની ફૈઝના કામોમાં પ્રવૃત છે. આ અડધી સદીથી વધારેનો સમય ફિકહ, ઉસૂલે ફિકહ, કુરઆન અને હદીસના સમજવા અને સમજાવવામાં પસાર થયો છે. આટલો લાંબો સમય જે માણસે ઈલ્મ અને દીનના મનન – મંથનમાં પસાર કર્યો હોય, કુરઆનનો સાર અને ફિકહનો સારાંશ સમજવામાં જેનો સમય વીત્યો હોય, એની વાત એટલી બેકાર હોય કે ગમે તે માણસ ઘડીભરમાં એ વાતને ખોટી કહીને રદ કરી દે.

આવી જ રીતે અમીરુલ હિન્દ હઝરત મદની રહ. ૧૩૧૬ માં ફારિગ થયા. અને આજ સુધીનો બધો ઝમાનો દર્સ – તદરીસ અને રૂહાની ફૈઝ પહોંચાડવામાં જ પસાર કર્યો છે. વરસો સુધી જ્ઞાનના દરિયા જેવા શૈખુલ હિન્દ રહ.ની છત્રછાયામાં રહીને ઝાહેરી – બાતેની ઉલૂમની કેળવણી મેળવી. અને પછી જીવનનો લાંબો

સમય રાજકરણ અને સત્તાની સામે લડતાં લડતાં દુનિયા ભરની સફરો અને જેલની તકલીફોમાં પસાર કર્યો છે.

શું દરેક નામો મોટો આવા મોટા લોકોના વિચારોને ખોટા કહેવાની કે બેધડક એમની ટીકા કરવાની લાયકાત ધરાવે છે ? વિશેષ કરીને મારા જેવો અધૂરા જ્ઞાન વાળો નિશાળિયો, "કયારે આવ્યો અને પીર પણ બની ગયો ?" જેવી જેની સ્થિતિ હોય, શું કહી શકે ?

હું તો જયારે અખબારોમાં આ બુઝુર્ગોને સંબોધીને છપાતા લેખો અને ખુલ્લા પત્રો વાંચું છું તો મને હેરત થાય છે કે દુનિયા કયાંથી કયાં પહોંચી ગઈ ? મુસ્લિમ દુનિયામાં આ કેવું પરિવર્તન આવી ગયું છે ? અકાબિરીનો એહતેરામ બિલ્કુલ ખતમ થઈ ગયો છે. ઉલ્માએ કિરામ દ્વારા કોઈ સાચી વાત હોય, પણ એમના વિરુદ્ધ કહેવામાં આવતી હોય તો એમના માટે શકય છે કે ઉલ્માએ કિરામ વિરુદ્ધ કંઈ લખે – બોલે. પણ જેમની કાબેલિયતની છેલ્લી સીમા ફકત એક અખબારી લેખ કે એક સારું પ્રવચનથી આગળ નથી જતા, એવા લોકો આ બુઝુર્ગો વિરુદ્ધ જે અશોભનીય શબ્દોમાં ટીકા કરે છે એ તો પોતાનાથી નાના લોકો માટે વાપરવા પણ યોગ્ય ન ગણાય. આ બધું મારા માટે બિલ્કુલ અલ્કપનીય છે.

મારી એક નસીહત ધ્યાનથી સાંભળો, હમેંશા એવી બાબતે જ મોંઢું ખોલશો અને બોલશો, જેના વિશે તમને પૂરું જ્ઞાન અને સમજ હોય. કોઈ શરીઅતના કોઈ સ્પષ્ટ હુકમ વિરુદ્ધ કોઈ વાત હોય તો એમાં કોઈની શેહ શરમ રાખવાની જરૂરત નથી. અલ્લાહ અને એના રસૂલ સામે કોઈની વાત મોતબર નથી. બલકે પાછલા મુજતહિદ ઉલમાએ કિરામ દ્વારા સ્પષ્ટ કરવામાં આવેલ શરઈ હુકમો સામે પણ એમના અનુયાયીને કોઈ નવી વાત કહેવાની ગુંજાઈશ નથી. અલબત્ત જે મસ્અલોમાં ઈજતેહાદ કરી શકાય, અને બન્ને તરફની શરઈ દલીલો સામે હોય તો આવી સ્થિતિમાં ઉતાળવ કરીને કોઈ એકના તરફે નિર્ણય કરી લેવો નાદાની છે. હું તમને તમને વિશેષ તાકીદ કરીને રોકું છું કે અહલે હક ઉલમા વિરુદ્ધ બોલવામાં કદી ઉતાવળ ન કરશો. ઘણા જ ચિંતન – મનન પછી મોંઢું ખોલશો અને શકય હોય ત્યાં સુધી ચુપ રહેશો.

### *હિદાયત અને ગુમરાહીના એતેબારથી ત્રણ સ્થિતિઓ*

હઝરત ઉમર બિન અબ્દુલ અઝીઝ રહ.ને 'ઉમરે ષાની' કહેવામાં આવે છે. સહાબા રદિ.ના આપસમાં લડાઈઓમાં કોણ સાચું અને કોણ ખોટું એ વિષયની ચર્ચા વિશે એમનું કથન હતું :

تلك دماء طهر الله أيدينا منها فلا نلوث ألسنتنا بها

આ લોહીથી અલ્લાહ તઆલાએ આપણા હાથોને પાક રાખ્યા છે તો આપણે આપણી ઝબાનને શા માટે ગંદી કરીએ.

જો એમ કહેવામાં આવે કે સહાબએ કિરામ રદિ.ની શાન તો ઘણી જ ઊંચી છે, બીજા લોકોને પણ એમના જેવા મહાન કેવી રીતે સમજીએ ? તો હું કહેવા માંગું છું કે, ત્યાં આ વિશે બોલવાથી બચનાર હસ્તી પણ હઝરત ઉમર બિન અબ્દુલ અઝીઝ રહ. છે. જેઓ મહાન તાબેઈ છે.

હઝરત ખિઝર અને હઝરત મૂસા અલૈ.નો મશ્હૂર કિસ્સો છે. કુરઆન શરીફમાં પણ વિસ્તારથી વર્ણન છે. અનેક હદીસોમાં નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમનો ઈરશાદ છે : અલ્લાહ તઆલા હઝરત મૂસા અલૈ. ઉપર રહમ ફરમાવે, જો તેઓ ખામોશ રહયા હોત તો હઝરત ખિઝર થકી અનેક નવી વાતો સામે આવત.

નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ ફરમાવે છે કે, હઝરત ઈસા અલૈ.નું કથન છે કે હિદાયત અને ગુમરાહીની વાતો ત્રણ પ્રકારની હોય છે. (૧) એવી વાતો જે સ્પષ્ટ રૂપે હિદાયતની જ છે. એને અનુસરવી જરૂરી છે. (૨) એવી વાતો જે સ્પષ્ટ રૂપે ગુમરાહીની છે. એનાથી બચવું જરૂરી છે. (૩) એવી વાતો જેમાં વિરોધ અને વિવાદ હોય, આવી વાતોને આલિમને હવાલે કરી દયો. (તબરાની)

નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમનો ઈરશાદ છે : જે માણસ ફતવો આપવામાં, હલાલ – હરામનો હુકમ લગાવવામાં ઉતાવળ કરે છે, એ જહન્નમમાં જવાની ઉતાવળ કરે છે. (દારમી) હઝરત અબ્દુલ્લાહ બિન મસ્ઉદ રદિ. ફરમાવે છે : જે માણસ દરેક હલાલ – હરામના દરેક સવાલનો જવાબ આપે, તો એ ગાંડો છે. (દારમી)

ઘણી વાર બેકાર અને હેતુ વગરના સવાલ કરવામાં આવે છે. આજકાલ આવું જ થાય છે. ફતવો પૂછવાનો મકસદ અમલ કરવાનો નથી હોતો. કોઈને બદનામ કરવાનો કે એના વિરુદ્ધ શાઝિશ કરવાનો આશય હોય છે. માટે આવી બાબતોમાં ઘણી સાવચેતીથી કામ લેવાની જરૂરત છે. ઘણીવાર મસ્અલો અથવા એનો હુકમ મોંઘમ હોય છે. આવી સ્થિતિમાં ઉતાવળે ફતવો (શરીઅતના નામથી કોઈ હુકમ લગાવી) દેવો નાદાની છે. અનેક હદીસોમાં નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમનો ઈરશાદ છે કે હલાલ અને હરામ,બન્ને સ્પષ્ટ બાબતો છે. આ બન્ને વચ્ચે અમુક બાબતો મોંઘમ છે, જેમાં એહતિયાત રાખવો જોઈએ. ● ● ● ● ● ●

# રાષ્ટ્રીય એકતા અને સમાનતાનું અનોખું ઉદાહરણ

*પાછલા દિવસોમાં ન્યુઝીલેન્ડ ખાતે જુમ્અહની નમાઝ વેળા મસ્જિદમાં એક હથિયારધારી આતંકવાદીએ ગોળીબાર કરીને ૫૦ લોકોની શહીદ કરી દીધા હતા. આ ઘટનાના આંતરરાષ્ટ્રીય સ્તરે ઘેરા પડઘા પડયા છે. અલબત્ત ન્યુઝીલેન્ડની મહિલા વડાપ્રધાન પોતે આગળ આવીને આ ઘટના પછીના ઘટનાક્રમ જે રીતે શામેલ થયા અને સ્થાનિક મુસલમાનોના પડખે ઉભા રહીને એમના ગમમાં સહભાગી બન્યાં, વિશ્વભરમાં એનો પ્રભાવ ઓર વધારે સારો પડયો છે. ન્યુઝીલેન્ડના સામાજિક જીવનમાં રાષ્ટ્રીય સ્તરે આ ઘટના પછી શું ફેરફાર આવ્યા, એનું ટુંક આકલન એક વોટસએપ મેસેજ દ્વારા અમારા સુધી પહોંચ્યું છે, અત્રે એ રજૂ કરીએ છીએ. વોટસએપ ઉપર આવતી દરેક સામગ્રી સાચી નથી હોતી, એ અમે સમજીએ છીએ, પણ મીડીયા દ્વારા ન્યઝીલેન્ડના જે સમાચારો સામે આવ્યા છે, આ બધી માહિતી એની સાથે મેળ ખાય છે, એટલે વાચકો સમક્ષ એને મૂકીએ છીએ.*

*આ ઘટનાનો એક બીજો સબક આ પણ છે કે આપણી આસપાસ આવી કોઈ ઘટના ઘટે, જેમાં કોઈ પણ ધર્મના બેગુનાહ લોકોને કારણ વગર રહેંસી નાખવામાં આવે તો મુસલમાનોએ પણ અન્યોના ગમ અને સદમામાં કેવી રીતે સહભાગી થવું એના માટે આ ઘટનાઓને પણ યાદ રાખવી જોઈએ.*

ક્રાઈસ્ટચર્ચલ ન્યુઝીલેન્ડની એક મસ્જિદમાં નમાઝ પઢવા એકત્રિત થયેલા નિર્દોષો પર થયેલા ધૃણાસ્પદ આતંકી હુમલાને સાત દિવસ થયા. ત્યારબાદ ત્યાંની સરકાર અને નાગરિકોની નોંધનીય પ્રતિક્રિયાઓઃ

- આતંકવાદી ઘટનાનો ભોગ બનેલા વ્યક્તિઓને શ્રદ્ધાંજલિ આપવા અને વિધર્મીઓ પ્રત્યે ધૃણા અને નફરત વ્યક્ત કરતા અને ફેલાવતા કટ્ટરવાદી તત્વો વિશે દેશભરમાં લોકજાગૃતિના આયોજન કરવામાં આવ્યા.
- મૃતકના પરિવાર અને મુસ્લિમ સમાજના સમર્થન માટે આશરે ૪૫ કરોડ રૂપિયાનું ફંડ જનતાએ એકત્ર કર્યું.
- લોકોએ પોતાની માલિકીની બંદૂકો/હથિયારોને સુરક્ષિત રીતે નાશ કરવા સ્વેચ્છાએ પોલીસને સુપરત કર્યા.
- ગૂગલ અને ફેસબુક જેવી સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર બેરોકટોક સમાજમાં નફરત ફેલાવતા તત્વોને માધ્યમ આપવા બદલ ત્યાંની બેંકો અને અન્ય કંપનીઓએ કરોડોની જાહેરાત આપવાનું સ્વેચ્છાએ બંધ કર્યું.

• દેશની ત્રણ મોટી ટેલિકોમ કંપનીઓએ ફેસબુકલ ગૂગલ અને ટ્વિટરને પોતાની ધૃણાજનક પોસ્ટ અને લાઈવ વિડીયો શેર કરવા વિશેની પોલિસીઓ બદલવા માટે જાહેર માંગણી કરી.

• પ્રધાનમંત્રીએ ગન ખરીદવા અને રાખવાના કાયદાઓને સુધારવામાં આવશે તે વિશેની જાહેરાત કરી.

• આતંકવાદી એના દુષ્કૃત્ય વડે એની વિચારધારાલ ધ્યેય અને પોતાનેપ્રસિદ્ધિ અપાવવા માંગતો હતો તેથી પ્રધાનમંત્રીએ સોગંદ લીધા કે તેણી કદી પણ તેનું નામ એના મોઢા પર આવવા દેશે નહિ અને એના બદઈરાદાઓને સફળ થવા દેશે નહિ.

• ત્યાં શસ્ત્રસરંજામ વેચતી સૌથી મોટી કંપની Hunting & Fishingએ ઓનલાઈન ઓર્ડર અને સેમી ઓટોમેટિક શસ્ત્રોનું વેચાણ સદંતર બંધ કરી દીધું.

• TradeMe કે ત્યાંની સૌથી મોટી ઓનલાઈન પોર્ટલ જે લોકોને ખરીદવેચાણ માટેનું પ્લેટફોર્મ (ભારતની ફીશ જેવી) પૂરું પાડે છેલ તેણે સેમીઓટોમેટિક શસ્ત્રોના ખરીદવેચાણ પર સ્વેચ્છાએ સદંતર પ્રતિબંધ મુક્યો.
•ત્યાંની મીડિયાએ ઘટનાનું નાટકીય રિપોર્ટિંગનો બહિષ્કાર કર્યો

• આતંકી ઘટના પછી ન્યુઝીલેન્ડની સંસદસત્રની શરૂઆત દરેક ધર્મના પ્રતિનિધિઓની હાજરીમાં મુસ્લિમ પ્રાર્થનાથી કરવામાં આવી.

• સંસદનું ખાસ સેશન મૃતકોના પરિવાર અને મુસ્લિમ સમાજની માફી માંગવા માટે યોજવામાં આવ્યું.

• મૃતકોની અંતિમવિધિ અને માર્યા ગયેલ પ્રવાસીઓના શબને સ્વદેશ પાછા મોકલવાનો ખર્ચ સરકારે ભોગવવાનું જાહેર કર્યુ.

• એક મહિલાની ફેસબુક પર સમાજમાં ધૃણા અને નફરત ફેલાવતી પોસ્ટ કરવા બદલ ગુનો દાખલ કરી ધરપકડ કરવામાં આવી.

• ઘટના બાદ પોલીસને સર્વિસ હથિયાર રાખવાની છૂટ આપવામાં આવી પરંતુ જનતાનું ફોકસ ગન પર ના જાય એ માટે પોલીસ યુનિફોર્મ પર ફૂલ પણ ધારણ કરી રહી છે.

• ફૂલોની નિકાસ કરતા દેશમાં જનતાએ ફૂલો વડે સ્વયંભુ શ્રદ્ધાંજલિ અર્પિત કરતા ફલોરિસ્ટની દુકાનોમાં ફૂલો પણ ખૂટી પડ્યા. • • • • •

# મત અને મંતવ્યનું બલિદાન

## એટલે કે સમાજના હિતમાં ઇત્તેફાક (સંપ- જંપ) ખાતર પોતાની રાય જતી કરીને સમાજ સાથે રહેવાનું મહત્વ

"સૌથી મોટી કુરબાની રાયની કુરબાની છે." આ કથન જેનું પણ છે, ઘણું જ સચોટ અને સાચું છે. પોતાના મત અને મંતવ્યની કુરબાની એટલું મોંઘું બલિદાન છે કે એના ઉપર જ સમાજની એકતા, સંપ અને સામુહિક શકિતની ઈમારત ઉભી થાય છે. આપણી સામે ઉભેલી ગગનચુંબી ઈમારતો એટલા માટે ઉભી છે કે એના પાયામાં દબાયેલી ઈંટોની એમાં કુરબાની લેવામાં આવી છે. આ જ પ્રમાણે સમાજ અને કોમમાં કોમી એકતા ત્યારે જ આવી શકે છે જયારે લોકો એટલી સમજ કેળવી લે કે મત અને મંતવ્યના વિરોધાભાસ છતાં સમાજની એકતા અને શકિત ખાતર એકતા અને સંપને જાળવી રાખીશું અને અમારા મત, મંતવ્યને સમાજની એકતાના આડે આવવા નહીં દઈએ.

જે સમાજ અને સમાજના સભ્યોમાં આવી કુરબાની આપવાની હિમ્મત ન હોય, તે કદી આગળ આવી નથી શકતો, જેમ પાયની ઈંટો વગર કોઈ ઈમારત ઉભી નથી રહી શકતી.

આજના મુસલમાનોની સૌથી મોટી સમસ્યા આ જ છે કે તેઓ વિરોધાભાસ અને ઈખ્તેલાફના આધારે એકબીજાથી અલગ થઈને કમઝોર થવાને તો પસંદ કરે છે, પણ સબ્ર, ધીરજ અને થોડી કુરબાની આપીને 'એક' રહેવાને પસંદ નથી કરતા. સમાજના દુશ્મનોને એનાથી બમણો ફાયદો થાય છે, આપણી કમઝોરીનો ફાયદા ઉપરાંત તેઓ મુસલમાનોને લડતા જોઈને એક થાય છે, એ એમનો બીજા ફાયદો.

કોમી સ્વભાવ તરીકે મુસલમાનોની આ વિશેષતા છે કે તેઓ કોઈ એક બાબતે અડી જાય તો પછી એમને પાછા હટાવવા કે ડગમગાવવા અઘરું કામ છે, પણ આપણે કોઈ એક બાબતે ભેગા થતા જ નથી.

બદ્રની લડાઈમાં મુસલમાનોના મક્કાવાસી દુશ્મનોને ભારે નુકસાન થયું હતું, એનો બદલો લેવા એમણે ભરપૂર તૈયારી કરી અને બીજા વરસે તેઓ ફરી લડવા નીકળ્યા. નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે સહાબા રદિ.ને ભેગા ફરમાવ્યા અને મશ્વેરો કરવાનું મુનાસિબ સમજયું. અલ્લાહ તઆલા તરફથી આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ મશ્વેરો કરવાના પાબંદ ન હતા, અલ્લાહ તઆલા

સીધી રીતે આપની રાહનુમાઈ ફરમાવતા હતા. છતાં આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે મશ્વેરો કર્યો. વધુ પડતા લોકોનું મંતવ્ય આ હતું કે મદીનામાં રહીને જ દુશ્મનનો મુકાબલો કરવામાં આવે. પરંતુ નવયુવાન સહાબા આ મતના વિરોધી હતા, એમના મતે આ કાયરતા હતી. મુનાફિકોનો સરદાર અબ્દુલ્લાહ બિન ઉબય પણ આ જ મત ધરાવતો હતો કે મદીનામાં રહીને જ દુશ્મનનો મુકાબલો કરવામાં આવે.

મશ્વેરાના અંતે નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે નિર્ણય ફરમાવ્યો કે મદીનાની બહાર નીકળીને ખુલ્લા મેદાનમાં મુકાબલો કરવામાં આવશે. એટલે કે યુવાન સહાબા રદિ.ના મત મુજબ નિર્ણય કરવામાં થયો.

નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ ૧૦૦૦ હઝાર સહાબા સાથે લઈને મદીના શરીફથી નીકળીને ઉહદ તરફ રવાના થયા. અબ્દુલ્લાહ બિન ઉબયની સલાહને અવગણવામાં આવી હતી, એટલે એ ભારે નારાજ હતો. બધાની સાથે એણે નીકળવું તો પડયું પણ અધવચ્ચેથી એ પોતાના ત્રણસો માણસો લઈને પાછો વળી ગયો, એનું કહેવું હતું કે મુહમ્મદે જુવાનિયાઓની વાત માની લીધી અને મારી વાત નકારી દીધી. હવે પોતાને અહિંયા બરબાદ કરવાનો કોઈ ફાયદો નથી.

લડાઈ થઈ અને લડાઈના અંતે જે સંજોગો સામે આવ્યા એનો સાર આ જ હતો કે અબ્દુલ્લાહ બિન ઉબય સહિત વધુ પડતા સહાબા જે કહેતા હતા એ યોગ્ય હતું. પરંતુ અબ્દુલ્લાહ બિન ઉબય અને એના તાબેદાર મુનાફિકો સિવાય બધા જ નિખાલસ મુસલમાનો નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ સાથે રહયા. ફકત એટલા ખાતર કે એમની સલાહ અને રાયને નકારવામાં આવી હતી કોઈએ શિકાયત કરી નહીં, બલકે જયારે બહાર નીકળીને લડવાનું નક્કી થઈ ગયું તો બધા પોતાના મંતવ્યને ભૂલીને એકમતે બહાર નીકળીને લડવા તૈયાર થઈ ગયા.

બીજી તરફ અબ્દુલ્લાહ બિન ઉબયનું મંતવ્ય સહી હતું, પણ અમીરની નાફરમાની અને પોતાના મંતવ્યને જ મહત્વ આપીને કોમથી અલગ રસ્તે ચાલવાના કારણે એ મોટો ગુનેગાર ઠર્યો.

ઈસ્લામમાં મશ્વેરાનું ઘણું મહત્વ છે. મશ્વેરામાં ભાગ લેનાર દરેકને હક છે કે પોતે જે યોગ્ય સમજે એ મુજબ સલાહ આપે. અલબત્ત કોઈએ એવો આગ્રહ ન રાખવો જોઈએ કે એની સલાહ મુજબ જ અમલ કરવામાં આવે. નહીંતર સામુહિક રીતે કોઈ પણ કામ કરવું અશકય થઈ પડે. વિરોધાભાસી અનેક મંતવ્યોમાંથી કોઈ એક ઉપર જ અમલ કરવો જ શકય હોય શકે છે. એટલે પોતાની વાત ઉપર અડી

રહેવાથી એકતાને નુકસાન પહોંચી શકે છે. સાચો અને પાકો મુસલમાન અમાનતદારી પૂર્વક સલાહ આપીને ભૂલી જાય છે. અને જિમ્મેદારો તરફથી જે ફેસલો કરવામાં આવે એને પોતાનું જ મંતવ્ય સમજીને ખુશીથી અનુસરે છે.

આજના મુસલમાન સમક્ષ ઘણી બધી કોમી અને ઈજતેમાઈ સમસ્યાઓ છે, અને બધાએ સામુહિક રીતે સંપીને એના માટે મહેનત કરવી જરૂરી છે. માટે આજે આ જરૂરત ઓર વધારે છે કે બધા મુસલમાનો એક થઈને સમાજના લાભ માટે કામ કરે. ઘણીવાર પોતાના મત અને મન મુજબનું કામ નથી હોતું, પણ સમાજનો સાથ છોડીને તેમજ  એકલા પડીને સમાજને નુકસાન કરવા કરતાં સમાજ સાથે રહીને જે પરિણામ આવે એમાં શરીક રહેવાનો ફાયદો વધારે છે.

---

## દુઆએ મગફિરત

જામિઅહ ઈશાઅતુલ ઉલૂમ અક્કલકુવાના સ્થાપક હઝરત મવલાના ગુલામ મુહમ્મદ વસ્તાનવીના સુપુત્ર જનાબ મવલાના સઈદ સાહેબ, લાંબી માંદગી બાદ યુવાન વયે અલ્લાહની રહમતમાં પહોંચી ગયા. ઈન્નાલિલ્લાહ. અલ્લાહ તઆલા મરહૂમની મગફિરત ફરમાવે. જન્નતુલ ફિરદોસમાં ઉચ્ચ સ્થાન અતા ફરમાવે.

તા. ૩૧ માર્ચ ૨૦૧૯ના દિવસે હઝરત મવલાના જમીલ અહમદ સકરોદવી રહ. ઈન્તેકાલ ફરમાવી ગયા. ઈન્નાલિલ્લાહ. મરહૂમ દારૂલ ઉલૂમ દેવબંદના કાબેલ અને વિદ્વાન ઉસ્તાદ હતા. મદરસાઓના તાલીમી કોર્સમા શામેલ અનેક કિતાબોની શરહ (વિવરણ) એમણે લખ્યાં હતાં. સરળ અને મુદ્દાસર લખાણ દ્વારા અઘરા વિષયોની સમજૂતી આપવામાં આપ કાબેલ હતા. અલ્લાહ તઆલા મગફિરત ફરમાવે અને જન્નતુલ ફિરદોસમાં ઉચ્ચ સ્થાન અતા ફરમાવે.

મુળ સારોદના જંબુસર ખાતે સ્થાયી જનાબ દિલાવર ભાઈ કરખડી વાલા તા. ૧ એપ્રિલના દિવસે અચાનક ઈન્તેકાલ ફરમાવી ગયા. ઈન્નાલિલ્લાહ. મરહૂમ નેકદિલ, નિખાલસ, સખી સ્વભાવના હતા. દરેક સાથે હસતા મુખે હળવા –મળવાનો સ્વભાવ ધરાવતા હતા. કોમી અને દીની હમદર્દી ધરાવતા હતા. યથાશકિત દરેકને ઉપયોગી થવાનો પ્રયત્ન કરતા હતા. અલ્લાહ તઆલા મરહૂમની મગફિરત ફરમાવે અને જન્નતુલ ફિરદોસમાં ઉચ્ચ સ્થાન અતા ફરમાવે.

જામિઅહ પરિવાર મરહૂમીનના સગાઓની સેવામાં તઅઝિયત પેશ કરે છે અને એમના ગમમાં સહભાગી બનીને દુઆએ મગફિરત કરે છે.

અલબલાગના વાચકોથી મરહૂમીન માટે યથાશકિત ઈસાલે સવાબ અને દુઆએ મગફિરત કરવાની દરખાસ્ત છે.

# હઝરત મવલાના મૂસા કરમાડી રહ.

પાછલા દિવસોમાં તા.૧૨/૨/૨૦૧૯ ના રોજ યુ.કે. લંડન ખાતે ગુજરાતના મશ્હૂર વિદ્વાન, કાબેલ આલિમ અને બુઝુર્ગ હસ્તી જનાબ મવલાના મૂસા કરમાડી સાહેબ રહ. ઈન્તેકાલ ફરમાવી ગયા. ઈન્નાલિલ્લાહ..

૧૯૩૦માં કરમાડ ખાતે આપ રહ.નો જન્મ થયો હતો. ગામ ખાતે સ્કૂલ મદરસાની પ્રાથમિક તાલીમ ખતમ કરીને પોતે જ ડાભેલ જવાનો ઈરાદો કર્યો, ડાભેલ પહોંચ્યા તો હિફજમાં દાખલો ન મળ્યો તો રાંદેર આવી ગયા અને ત્યાં પંદર માસમાં જ હિફજ ખતમ કરી લીધું. ઘરના અહેવાલ ખરાબ હોવાથી ફારસી અવ્વલ પછી તાલીમ રોકી દીધી. પછી ગામવાળાઓ સાથે એમના જ ખર્ચે તબ્લીગ જમાઅતમાં નિઝામુદ્દીન પહોંચ્યા. ચિલ્લો પૂરો કરીને દેવબંદ દારૂલ ઉલૂમ જોવા ગયા અને ત્યાં જ તાલીમ માટે દાખલો લઈ લીધો. તે સમયની તાલીમ વ્યવસ્થા મુજબ બે ત્રણ વરસની તાલીમમાં એટલી બધી કિતાબો પઢી લીધી કે દવરહમાં દાખલો લઈ શકાય પરંતુ એક વિશેષ કિતાબની પરીક્ષા રહી ગઈ એટલે દેવબંદના સ્થાને મઝાહિર સહારનપૂર ખાતે દવરહમાં દાખલો લીધો. ત્યાં દવરહ પૂરો થયો તો દેવબંદ ખાતે હઝરત મદની રહ.ની બુખારી શરીફ બાકી હતી, એટલે દેવબંદ આવીને હઝરત મદની રહ.ના દર્સમાં શરીક થઈ ગયા. બુખારી શરીફની વિશેષ સનદ મેળવી અને હઝરત રહ.ના હાથે બયઅત થઈને વતન આવી ગયા.

અહિંયા આવીને પ્રથમ વતન કરમાડ ખાતે તાલીમ આપવાની શરૂ ફરમાવી. પરંતુ તંગીએ એવા ઘેરા લીધી કે રહેવા માટે ઘર પણ ન રહયું તો બીવી બચ્ચાઓને એમના મોસાળ આછોદમાં, વાલિદહને બહેન પાસે ભરૂચમાં અને ઘરનો સામાન એક ભાડાના ઘરમાં મુકીને ભડકોદરા ખાતે મુદર્રિસ તરીકે આવ્યા. અહિંયા પાંચ વરસ તાલીમી સેવાઓ આપી અને પછી યુ.કે. ખાતે ઈમામ તરીકે આવી ગયા. અહિંયા પ્રથમ વાલ્સોલ અને પછી ડયુઝબરી ખાતે સેવાઓ આપી. યુ.કે. ખાતે એ સમયમાં મજલિસુલ ઉલમા નામી સંસ્થાના પ્રમુખ પણ આપ રહ.ને બનાવવામાં આવ્યા હતા અને પોતે એક ઉર્દૂ મેગેજિન 'ફારાન' નામનું આપ રહ. પ્રકાશિત કરતા હતા. આરંભે

યુ.કે. ખાતે પણ ઘણી જ તંગીના દિવસો હતા અલબત્ત પાછળથી અલ્લાહ તઆલાએ રિઝકના દરવાજા ખોલી દીધા. જીવનના છેલ્લા દિવસોમાં લંડન ખાતે મુકીમ હતા.

પાછળથી હઝરત મવલાના કમરુઝઝમાન સાહેબ દા.બ.ના હાથે બયઅત થયા હતા અને હઝરત દા.બ.એ આપ રહ.ને ખિલાફતથી પણ નવાઝયા હતા.

તિલાવતનો ઘણો જ એહતિમામ ફરમાવતા હતા. દિલના સાફ અને નિખાલસ હતા. દારૂલ ઉલૂમ કંથારીઆના આદ્યસ્થાપકોમાં આપ રહ. પણ શામેલ હતા. દારૂલ ઉલૂમના ટ્રસ્ટી હોવા ઉપરાંત ૧૯૮૧ માં હઝ. મવલાના ઈસ્માઈલ મનુબરી રહ.ની ગેરહાજરીમાં છ માસ માટે દારૂલ ઉલૂમના મોહતમિમ તરીકે પણ સેવા બજાવી હતી.

આપ રહ. ભડકોદરા ખાતે સેવા બજાવતા હતા, એ દિવસોમાં એકવાર મવલાના ઈસ્માઈલ મનુબરી રહ. ભડકોદરા આવીને સીધા મદરસાના જિમ્મેદાર હાજી ઈબ્રાહીમ સા. ઉઘરાતદાર (હઝ. મુફતી ઈસ્માઈલ ભડકોદ્રવી રહ.ના વાલિદ) પાસે પહોંચ્યા અને એમને આગ્રહ કરવા લાગ્યા કે હું મવ. મૂસા સા.ને મનુબર લઈ જવા માંગું છું. હાજી સાહેબ રહ. ઘણા જ નારાજ થયા કે તમારા જેવા આલિમ સાહેબ આવી વાત કેમ કરે છે ? પછી મવ. મુસા સા. રહ. પાસે આવીને આગ્રહ કરવા લાગ્યા. મવ. મૂસા. રહ.એ એમને ઈસ્તેખારહ કરીને પોતાના નિર્ણય જણાવીશ એમ કહીને રવાના કર્યા. રાત્રે ઈસ્તેખારહનો અમલ કરી સૂઈ ગયા તો ખ્વાબમાં નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની ઝિયારત થઈ અને આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ખ્વાબમાં સ્પષ્ટ રૂપે ફરમાવ્યું કે તમારે ભડકોદરા છોડીને જવાનું નથી.

પોતાના એક પત્ર (૨૦૦૮)માં આપ રહ.એ લખ્યું હતું કે દસ હજ, વીસ ઉમરહ કરવાની સઆદત આપ રહ.ને મળી હતી. જૂન ૧૯૮૭થી દર અઠવાડિયે એક કુરઆન શરીફ ખતમ કરતા હતા. અનેકવાર ખ્વાબમાં નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની ઝિયારતનું સદભાગ્ય આપ રહ.ને પ્રાપ્ત હતું.

અલ્લાહ તઆલા આપ રહ.ની મગફિરત ફરમાવે. દરજાત બુલંદ ફરમાવે. જન્નતુલ ફિરદોસમાં ઉચ્ચ સ્થાન અતા કરે. ખિદમાત અને સદકાતે જારિયહ કુબૂલ ફરમાવે.

● ● ● ●

# વિદાય - શુભેચ્છા સમારંભ અને એન્યુઅલ ડે ના ઝરુખેથી

*(મવલાના – મુફતી) અહમદ દેવલવી (સાહબ દા.બ.)*
*પ્રમુખ : જામિઅહ ઉલૂમુલ કુર્આન : જંબુસર*

શાળા – મહાશાળાઓ વિદ્યાલયો યુનિર્વસીટી અને કોલેજોમાં માર્ચ મહિનો એટલે પરીક્ષાઓની મોસમ. સમગ્ર વર્ષ દરમ્યાન શાળાકીય અભ્યાસક્રમ અને પ્રવૃત્તિઓને પ્રથમસત્ર અને દ્વિતીય સત્રમાં વહેંચવામાં આવે છે. બીજા સત્રમાં અભ્યાસક્રમ પૂર્ણ થયા બાદ અંતિમ વર્ષમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓનો વિદાય – શુભેચ્છા સમારંભ – ડે એનયુઅલ (વાર્ષિક દિવસ) ઉજવવામાં આવે છે. આ ઉજવણીમાં ખાસ કરીને જયાં પરધર્મી સંચાલકો સંચાલિત શાળાઓમાં જયાં મુસ્લિમ વિદ્યાર્થી – વિદ્યાર્થીનીઓ અભ્યાસ કરતા હોય છે. તેવી શાળા – મહાશાળાઓમાં ઉજવણીના કાર્યક્રમોમાં છડેચોક ઈસ્લામી મૂલ્યો, સંસ્કારો અને પધ્ધતિઓનું ઉલ્લંઘન કરવામાં આવે છે. જેની માઠી અસરો ફેશન પરસ્તી , બેહયાઈ અને નગ્નતાની નિમ્નકક્ષા સુધી આપણી દિકરા – દિકરીઓને પહોંચાડી દીની – દુન્યવી રીતે પડતીની ખાઈમાં ધકેલી દે છે. એટલું જ નહી આવા કાર્યક્રમોના કારણે તેઓનું માનસ ઈસ્લામિક વિચારધારા ,વિચારસરણી અને નિતિનિયમોને ઈસ્લામિક પરંપરાઓને પોતાની ક્ષણભંગુર સફળતા માટે રૂકાવટ અને અવરોધ સમજે છે. જે તૌહિદના (ઈમાન) ખોખલાપણાની અલામત છે.

હું ખુબ જ ભગ્ન હૃદયે મારા એક બિરાદરાનેવતન (હિન્દુભાઈ) એ જે પ્રસંગ મને ઉપરોકત શિર્ષક હેઠળ વર્ણવ્યો છે. જેને આપ સૌ વાચકો સામે વર્ણવું છું હિન્દુભાઈએ એક મહાશાળામાં વાર્ષિક (એન્યુઅલ – ડે) દિવસની તાજેતરની ઉજવણીમાં મુસ્લિમ વિદ્યાર્થીઓની જે છબીનું વર્ણન કર્યુ છે તે ખરેખર રોમટા ઉભા કરી મને અને આપ સૌ વાંચકગણને દિલના તાર ઝણઝણાવનાર છે. તેમના કહેવા પ્રમાણે આજ દિન સુધી – '' મે મુસ્લિમ સમાજની દિકરીઓને કયારેય આવા પોશાકમાં જોઈ નથી. શરીરના અંગ – ઉપાગોનું નગ્ન પદર્શન. સાંસ્કૃતિક કાર્યક્રમમાં એકશન સાથે સ્ટેજ ઉપરનો અભિનય લજજાહીન અદાઓ અને હાથમાં મોંધી કિંમતના એન્ડ્રોઈડ ફોન દ્વારા સતત ફોટોગ્રાફી અને વિડિયોગ્રાફી એ મને (હિન્દુભાઈ) અચરજ અને આર્શ્ચયમાં મુકી દીધો હું (હિન્દુ) સમાજમાં કહેતો હતો કે, મુસ્લિમ સમાજની દિકરીઓના પોશાક તનને ઢાંકે છે.લજજાશીલ છે. અને ફોટો વિડિયોગ્રાફી તો તેઓ (મુસ્લિમ) માં જરૂરી અને સરકારી કામ વિના શકય જ નથી. અને હું (હિન્દુ) મારા સમાજના વડીલોને

કહેતો હતો કે મુસ્લિમો પણ વિદેશોમાં છે. યુરોપના દેશોમાં છે. છતાં તેઓ ઈસ્લામિક પરંપરાઓ અને નિતિનિયમોનું , સંસ્કારોનું સંવર્ધન કરે છે. જયારે આપણા (હિન્દુ) સમાજના દિકરા – દિકરીઓ પાશ્ચાત્ય સંસ્કૃતિનું નખશિખ અનુકરણ કરે છે. પરંતુ આ કેવુ મને સમજાતું નથી. '' માનવંત વાચકો મારે જે હિન્દુભાઈને કહેવાનું હતું તે કહી દીધુ પરંતુ આપ સૌને અનુરોધ કરું છું કે પરધર્મી આપણી મઝહબી પરંપરાઓ ,સંસ્કારો , લજજા , શરમ હયાની કદર કરી આપણને સચેત કરતાં હોય તો ઈસ્લામના અનુયાયી અને મુસલમાન તરીકે આપણી જવાબદારીઓ ખુબ વધી જાય છે. અને સૌથી વધુ ઠોસ જવાબદારી કોઈની હોય તો તે માતા–પિતાની છે. ત્યારબાદ મહોલ્લાના આગેવાનો , મુસ્લિમ શિક્ષણવિદો અને ઉલમાઓની છે. દિકરો કે દિકરી ઘરેથી જ જયારે આવા સમારંભોમાં તૈયાર થઈને જતાં હોય ત્યારે સૌ પ્રથમ તેને રોકવાની ફરજ માતા – પિતાની છે. શું તેઓ રોકી નથી શકતા ? શું આધુનિક શિક્ષણની આડાશમાં આંખ આડા કાન કરે છે ? કે પછી ઈસ્લામિક ઈમેજ બગાડીને – નેવે મુકીને આધુનિકતાની ઈમેજ ઉભી કરવામાં માને છે ? ના – ના – ના મારા વહાલા વાચકો – ભાઈઓ કપડાથી ઈમેજ બનતી નથી, શ્રૃંગારરસથી ઈમેજ બનતી નથી. ઈમેજ (વ્યકિતત્વ,પ્રતિભા) જે કહો તે ઈમેજ તો સદ્ગુણો, મુલ્યો અખ્લાકે હસના અને કુર્આની આદેશના ઉચ્ચ આદર્શોથી જ બને છે હા – દુન્યવી એઅતેબારથી શિક્ષણ વ્યકિત કે કોમને મુઠ્ઠી ઊંચેરા બનવાનું માધ્યમ બની શકે છે. પરંતુ આધુનિક શિક્ષણની ખોટી ભ્રમણાને સમયસર મૂલ્યનિષ્ઠ કરવાની સાચવવાની જરૂર છે.

શાળા – મહાશાળાઓના સમારંભોની સમાજની આવી ગુનાહિત સ્થિતિ અને અપરાધ માટે માતા – પિતા મહદ્અંશે જવાબદાર હોય છે. માત્ર શિક્ષણ સંકુલોના સમારંભો જ નહિં પરંતુ નિકાહ અને સાદી જેવા પ્રસંગો તો જાણે ફેશન પરેડ બની ગયા છે. આ બદીઓને કોણ રોકશે ? આપણે જ પ્રયત્નો કરવા પડશે. સમાજસુધારણાની ઝુંબેશ , મુહીમ ચલાવી સમાજના દિકરા – દિકરીઓની પશ્ચિમી સંસ્કૃતિની આંધળી દોટમાંથી બચાવવાની સઘળી જવાબદારી આપણા સૌની છે. સુશિક્ષિત મુસ્લિમ માતા– પિતાઓની જવાબદારી છે કે અત્યારે પશ્ચિમવાદથી પિડાતા પોતાના સંતાનો – દિકરીઓને ગુમરાહી માનસિક તેમજ નૈતિક સ્વચ્છંદતાનો શિકાર બને છે. તેનો સંપૂર્ણ તાકાતપૂર્વક મુકાબલો કરે. જાતીય આવરગી અને કુસંસ્કારોથી હિકમતપૂર્વક સંતાનોને બચાવવા માટે સતત પ્રયત્નશિલ અને સક્રિય બને.

અલ્લાહ રબ્બુલ ઈજજતે હઝરત મુહમ્મદ સ.અ.વ.ના માધ્યમથી ઈન્સાનોના માટે જીવનશૈલી એક દસ્તુરરૂપે ઉતારી છે. તેને અપનાવવી અને તેને જ અનુસરવુ આપણે આપણાં સૌની બુનિયાદી અને ઈમાની ફરજ છે. ઈસ્લામિક પોશાક અને

પરદાનો સરઈ અમલ કરવો જરૂરી છે. જો સમારંભો જેવા જ પોશાક પરિધાન કરશે તો અલ્લાહે કુર્આનના આદેશ થકી આપેલા આદેશો અને માર્ગદર્શનની અવગણના ગણાશે. પોતાના લાભો અને આધુનિકતાનો આડંબર પેશ કરવા માટેનો ક્ષુલ્લક અને નિષ્ફળ પ્રયાસ કહેવાશે. અને આ પ્રયાસ હતાશાના હવનને ઉત્તોજિત કરે છે. આવા પોશાક ઉપર લાઅનત અને ફિટકાર કરવામાં આવી છે. અને પરિણામ સ્વરૂપ ખુદાનો ક્રોધ (ગુસ્સો) અતિક્રમી જાય છે. અને ખુદાની નારાઝગીને નિમંત્રણ આપે છે.

યુરોપીય (પશ્ચિમી) સંસ્કૃતિ અને તેના પ્રચાર – પ્રસારના માધ્યમોની નિત – નવી નીતિએ મનોરંજનની ભરપુર ઉપલબ્ધીઓ તૈયાર કરી છે. વિવિધ સામગ્રી જેવી કે મોબાઈલ – ઈન્ટરનેટ – ફેશબુક દ્વારા ગંદા અને અશ્લિલ દશ્યો, ફિલ્મો , વોટ્સઅપ, વોટ્સઅપ વિડિયો દ્વારા નવયુવાન યુવક – યુવતીઓને ઉશકેરી તેની જાળમાં ફસાવી દિધા છે. આ બધા માધ્યમો દ્વારા નિહાળેલ દશ્યો અને ઈમેજનું યુવક – યુવતીઓ ત્વરિતતાથી અનુકરણ કરે છે. અને દેખા –દેખી ઉશ્કેરણીજનક ભાવનાઓથી ભરમાયને , અંજાયને ઈસ્લામિક સીમાઓ ઓળંગી જાય છે. અને મન ચાહે તે કરી કયારેક કયારેક તો ઈમાનથી પણ વંચિત થઈ જાય છે. અલ્લાહપાક ઉમ્મતના તમામ અબાલવૃધ્ધની ઈમાન આઅમાલની હિફાઝત ફરમાવે – આમીન...

## મૌલાના મદની મેમોરીયલ હાઈસ્કૂલ–જંબુસરમાં ધો–૧૦ તથા ૧૨ના વિદ્યાર્થી ભાઈ–બહેનોનો વિદાય સમારંભ યોજાયો

જામિઅહ ઉલૂમુલ કુર્આન ટ્રસ્ટ જંબુસર સંચાલિત મૌલાના મદની મેમોરીયલ હાઈસ્કૂલ – જંબુસરમાં ૦૨–૦૩–૨૦૧૯ના શનિવારના રોજ ધોરણ –૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓનો વિદાય – શુભેચ્છા સમારંભ યોજવામાં આવ્યો હતો.

સમારંભની શરૂઆત ઈસ્લામિક પરંપરા મુજબ કલામે – તિલાવતેપાકથી કરવામાં આવી હતી. ધો–૧૨ વિજ્ઞાનપ્રવાહના વિદ્યાર્થી પટેલ મહંમદ મુફતી અઝવદ દ્વારા સુંદર અવાજમાં તિલાવત કરવામાં આવી હતી. ધો–૧૧ની વિદ્યાર્થીનીઓ દ્વારા ખુદાની પ્રસંશા કરતી પ્રાર્થના રજુ કરી હતી. ધો–૧૦ અને ૧૨ના વિદાય લઈ રહેલ વિદ્યાર્થીઓ માટે ધો–૯ની વિદ્યાર્થીનીઓએ વિદાયગીત રજૂ કરી સૌની આંખો અશ્રુભીની કરી દીધી હતી.

જામિઅહના તાલીબે ઈલ્મ હાફીઝ તલ્હા કાલોલવીએ નબી. સ.અ.વ.ની શાનમાં સમગ્ર જીવનચરિત્રને 'ગાગરમાં સાગર'ની ઉકિત અનુસાર નાઅત પેશ કરી હતી.
ધોરણ – ૧૦ ,૧૨ના ૩૪૦ જેટલા વિદ્યાર્થીઓના વિદાયમાન વકતવ્ય આપતા શાળાના મ. શિક્ષક ઈમરાન ગાંધીએ જણાવ્યું કે જીવનમાર્ગમાં સત્ય અને નિષ્ઠાનું પાલન કરજો. વ્યસનથી મુકત રહી તંદુરસ્તી બગડશો નહી. ઉમદા ચારિત્ર્યનું નિર્માણ , મનુષ્ય માત્ર સાથે પ્રેમભાવ , સદાચાર , સદ્ભાવ અને ન્યાયપ્રિયતાને તમારા જીવનનો મંત્ર બનાવજો. સુખમાં અતિરેક ન થાય અને દુઃખમાં નિરાશ ન થવાની , ધીરજ ધરવાની

પ્રેરણારૂપ શીખામણો આપી હતી.

શાળાના મ. શિક્ષક એ.યુ મેમણે જણાવ્યું હતું કે જગતમાં જયાં પણ જાઓ ઈસ્લામિક સંસ્કૃતિ અને સંસ્કારોનું સંવર્ધન કરજો– સાચવજો. એક બની નેક બની સમાજને, જરૂરતને  મદદરૂપ થવાની શીખ આપી હતી.

શાળાનાં ધો–૧૦ અને ૧૨ના વિદાય લઈ રહેલા વિદ્યાર્થી ભાઈ–બહેનોએ શાળા શિક્ષણના પોતાની અતિતની સ્મૃતિઓને વાગોળી હતી. ભગ્ન હૃદયે શાળા – સંસ્થા–શિક્ષકોને હંમેશા યાદ રહેશેનો રાગ આલોપ્યો હતો.

અંગ્રેજી માધ્યમના આચાર્ય મુસ્તકીમ સૈયદ સાહેબે વિદ્યાર્થીઓને પરીક્ષા લક્ષી સુચનાઓ આપી ધૈર્ય અને સંયમથી ટાઈમમેનેજમેન્ટ કરી ઉચ્ચધ્યેય પ્રાપ્ત કરવા શુભેચ્છા પાઠવી હતી.

મદની હાઈસ્કૂલના આચાર્ય બશીર આઈ. પટેલે વિદ્યાર્થીઓને વિદાયની વેળા વસમી ગણાવી જણાવ્યું હતું કે, તમે જયાં પણ જાઓ વિચાર વાણી અને વર્તનમાં હંમેશા સંયમ જાળવજો. સંયમી હંમેશા પોતાના વ્યકિતત્વની સુગંધ દરેક વ્યકિત સમાજ અને સમુહ ઉપર અવશ્ય છોડી જાય છે. અને તેના દ્વારા હકારાત્મક – રચનાત્મકિ માનવીય અભિગમનો જનમ જાય છે. વિવેક અને સંયમથી યુધ્ધનું મેદાન પણ સર કરી શકાય છે. સારા સંસ્કારોનું , સદ્‌ગુણોનું  અને ઉચ્ચઅખ્લાકનું સર્જન કરવા વિદ્યાર્થીઓને અનુરોધ કર્યો હતો. સારા અખ્લાક એ હૃદયપરિવર્તનનું કારણ પણ બની શકે છે. જેનું ઉદાહરણ આપતાં તેમણે મહાન સ્વાતંત્ર્ય સેનાની  મૌલાના હુસૈન અહમદ મદની રહ. અને એક અંગ્રેજનો ટ્રેનની સફરનો પ્રસંગ વર્ણવ્યો કે મૌલાના હુસૈન અહમદ મદની (રહ.) એકવાર ટ્રેનમાં સફર કરી રહયા હતા, તેમની બાજુમાં જ એક અંગ્રેજ બેઠા હતા. અંગ્રેજ મુસાફરને કુદરતી હાજત માટે જરૂરત ઉભી થઈ, બેથી ત્રણવાર પોતાની જગ્યાએથી ઉભા ગયા પણ બીજી જ સેકંન્ડમાં પરત આવી જતા, મવલાના એમના ચહેરા પર બેચેની અને અકળામણ જોઈ રહયા હતા. આપે કંઈ પણ પૂછયા વગર સૌચાલય ગયા અને ગંદા ટોયલેટમાં પાણી વહાવી પોતે જાતે જ સફાઈ કરી અને પરત આવીને અંગ્રેજને કહયું કે આપ હાજત માટે જઈ શકો છો. અંગ્રેજ સૌચાલય ગયો અને સોચક્રિયા (કુદરતી હાજત) પૂર્ણ કરી અને આવીને મવલાનાનો ખૂબ ખૂબ આભાર માની આપના આવા ઉમદા અખ્લાકથી ખૂબ જ પ્રભાવિત થયા અને તે અંગ્રેજે ઈસ્લામ કબૂલ કરી લીધો. વહાલા વિદ્યાર્થીઓ આ એજ મૌલાના હુસૈન અહમદ મદની (રહ.) હતા જેમણે આઝાદીની લડતમાં જબરદસ્ત કુરબાની આપી હતી. આવા મહાન આલિમે દીનની યાદમાં જ આપણી આ શાળાનું નામ મૌલાના મદની મેમોરીયલ હાઈસ્કૂલ રાખવામાં આવ્યું છે, આપણે પણ  આવા ઉચ્ચ અખ્લાક કેળવી શાળાના નામને સાર્થક અને ઉજજવળ બનાવવાનું છે.

તેઓએ વિદ્યાર્થીઓને  જણાંવ્યુ કે જીવનમાં એહસાન કરનારને કદી ન વિસરસો

તમારા જીવનમાં તમારા માતા – પિતા , શિક્ષકો શાળા – સંસ્થા અથવા જે કોઈએ પણ તમારા ઉપર એહસાન કર્યુ હોય. તેનો ઋણ સ્વીકાર કરજો અને તેને અદા કરવાનો પ્રયત્ન કરજો અને તમે પણ ખુદાની સર્વે મખ્લુક ઉપર સતત એહસાન કરતા રહેશો. તેઓએ જણાવ્યું કે દુનિયામાં જીભમાં મીઠાશ રાખજો. તેઓએ ઉદાહરણ આપતાં જણાવ્યું કે મધ વેચનારની જો ભાષા કડવી હશે તો મધ મીંઠુ હોવા છતા વેચાય નહી.

કાર્યક્રમના અધ્યક્ષ સ્થાનેથી પ્રાસંગિક પ્રવચન આપતાં સંસ્થાના આદ્ય–સ્થાપક મૌલાના મુફતી અહમદ યાકુબ સાહેબે જણાવ્યું કે અત્રેની દીની–દુન્યવી શિક્ષણનું સંકલન કરતી સંસ્થામાં જયારે તમોએ ઈસ્લામિક માહોલ અને ઈસ્લામિક પોશાકમાં ધો – ૧૦,૧૨ સુધી શિક્ષણ મેળવ્યું છે. ત્યારે ઈસ્લાસ્મિક માહોલમાં મેળવેલા સંસ્કારોને કયારેય છોડશો નહી. આ સંસ્કારો જ તમારી સફળતાનું શસ્ત્ર છે. સફેદ ઈસ્લામિક પોશાકમાં સજજ થઈને તમે જે શાળામાં – સંસ્થામાં આવાગમન કરતા હતા તેજ પોશાક અને પરંપરા આગળના અભ્યાસ માટે જાઓ ત્યારે જાળવી રાખવા અનુરોધ કર્યો હતો.

તમારા ઈસ્લામિક સંસ્કારો અને પોશાક અન્ય વતનબંધુઓ ઉપર ઘેરી છાપ છોડી જાય છે. એટલું જ નહીં સફેદ ઈસ્લામિક પોશાક એ નબી સ.અ.વ. ની સુન્નત છે. પવિત્રતાનું પ્રતિક છે. તેઓએ જણાવ્યું કે હંમેશા બીજાના ભલા માટે સદાતત્પર રહેશો. બીજાનું ભલુ કરશો અથવા ભલાઈમાં મદદરૂપ થશોતો સૌથી પહેલું ભલુ તમારુ થશે. 'ખય્રુન્નાસ યનફઉન્નાસ ' તમારામાં શ્રેષ્ઠ તે છે જે લોકોના ભલા માટે કામ કરે દિનને પ્રથમ ક્રમે અને દુનિયાને બીજા ક્રમે રાખવા વિદ્યાર્થીઓને અનુરોધ કર્યો હતો.

મૌલાના અહમદ સાહેબે ખૈર અને ભલાઈની ઉચ્ચતમ શિખામણ આપતા વિદ્યાર્થીઓને જણાવ્યું કે ''મિફતાહલ લિલ્ખૈર (ભલાઈની વુજૂદમાં લાવનાર) અને મિગલાકલ્ લિશ્શર્ર (બુરાઈને મિટાવનાર) બનવાની જરૂરત છે, તમે સૌ જયાં પણ જાઓ હંમેશા ખૈરની ચાવી બનશો અને બુરાઈનું તાળુ બનજો. ભલાઈને ફેલાવનાર તરીકે તમારુ નામ પ્રસ્થાપિત કરશો, અને બદી, બુરાઈને દૂર કરવામાં સતત પ્રયત્નશીલ રહેશો. વ્યકિતની ખુશનસીબી અને સદભાગ્ય છે કે તે ખૈરની ચાવી બને અને બુરાઈને બંધ કરનાર દરવાજો અર્થાત તાળુ બને.

વધુમાં આપે ઉચ્ચઅખ્લાક, નિયમિત્તા, નમ્રતા, ઋજુતા, ન્યાયપ્રિયતા અને વડીલોની , માતા–પિતાની સેવા અને માન – સન્માન કરવાની કિંમતી શિખામણો આપી હતી. વિદ્યાર્થી ભાઈ – બહેનો બોર્ડની પરીક્ષામાં ઉચ્ચ ગુણવત્તા પ્રાપ્ત કરે તે માટે દુઆઓ ગુજારી હતી.

આ કાર્યક્રમમાં મુસ્તકીમ સૈયદ આઈ.ટી.આઈ.ના પ્રિન્સીપલ જહીરમહારાજ અને વાલીઓ ઉપસ્થિત રહયા હતા. કાર્યક્રમનું સફળ સંચાલન શાળાના મ. શિક્ષક વાય. એચ. સારોદીએ કર્યુ હતુ. આભારવિધિ મ.શિક્ષક એ.યુ. મેમણે કરી હતી.

---

# ઝિક્રની ફઝીલત

*મવ. અ.મજીદ કોઠી*

હઝરત અબ્દુલ્લાહ બિન બિસ્ર (રદી.)નું કથન છે કે એક માણસે અલ્લાહના રસૂલ (સલ.)ને અરજ કરી કે હે અલ્લાહના રસૂલ (સલ.)! ઈસ્લામની વસ્તુઓ (બાબતો) તો ઘણી છે, જેની જવાબદારી પણ મારા ઉપર છે, જેથી તમે મને કોઈ એવી વસ્તુ બતાવો કે હું તેમાં લાગ્યો રહું (તેને કરતો રહું) જે મારા છુટકારા અને ઉચ્ચ સ્થાન માટે પુરતી હોય, આપ (સલ.)એ ફરમાવ્યું: તારી જીભ સદા અલ્લાહની યાદમાં વ્યસ્ત રાખ.

*(મિશ્કાતુલ મસાબીહ: ૧૯૮)*

ઉકત હદીસમાં અલ્લાહના રસૂલ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે એ વાતને દર્શાવી છે કે જો માણસ હમેશાં ઝિક્રમાં મશ્ગૂલ રહે અને અલ્લાહને યાદ કરતો રહે તો એને દોઝખના અઝાબથી છુટકારો મળશે અને જન્નતમાં ઉચ્ચ સ્થાન અતા કરવામાં આવશે.

તારી જીભ સદા અલ્લાહની યાદમાં વ્યસ્ત રહે એટલે કે એક મુસલમાને હરઘડી અલ્લાહનો ઝિક્ર કરતા રહેવું જોઈએ, વાસ્તવમાં અલ્લાહનો ઝિક્ર એક ખુબ જ સરળ ઈબાદત છે, જે પ્રતિ માનવી થોડું ઘણું ધ્યાન આપે તો દરેક સમયે તેને અંજામ આપી શકે છે, ઉકત હદીસમાં દર્શાવવામાં આવેલ બાબતો સિવાય પણ ઝિક્રના અસંખ્ય લાભો છે, કુર્આનમાં પણ અલ્લાહ તઆલાએ અનેક સ્થાને પોતાના ઝિક્ર કરવા ઉપર ભાર આપ્યો છે, જેમ કે એક જગ્યાએ અલ્લાહ તઆલાનો ઈર્શાદ છે :

يَآاَيُّهَاالَّذِيْنَ آمَنُوْااذْكُرُوااللّٰهَ ذِكْرًا كَثِيْرًا

**અર્થ :** હે ઈમાનવાળાઓ !અલ્લાહ તઆલાનો ખુબ જ ઝિક્ર કરો.

*(અલ અહઝાબ : ૪૧)*

ઉલ્લેખનીય છે કે માનવીના ઝિક્ર કરવાથી અલ્લાહ તઆલાને કોઈ ફાયદો નથી, તે જાત તો બેપરવાહ છે, તેને કોઈનીયે જરૂરત નથી, કોઈ તેની ઈબાદત કરે કે ન કરે તેની ઈઝઝત કે પ્રતિષ્ઠામાં લગીરેય આંચ કે ઉણપ આવવાની

નથી. પરંતુ હા, અલ્લાહનો ઝિક્ર કરવાથી બંદાને અવશ્ય લાભ થાય છે, જેટલો વધુ ઝિક્ર કરવામાં આવશે એટલો અલ્લાહ તઆલા સાથેનો તેનો સંબંધ મજબૂત થશે. અલ્લાહ તઆલાની નિકટતા વધશે, ઝિક્ર કરવાથી માનવીય આત્માને ખોરાક મળે છે, જેના વડે તેને ઈમાની શકિત અને ક્ષમતા પ્રદાન થાય છે અને આ શકિત અને ક્ષમતા વડે તે નફસ અને શયતાની શકિતઓનો ઘણી જ આસાની સાથે પ્રતિકાર કરી શકે છે, આવો માણસ નફસ અને શયતાન સામે વિજય મેળવે છે. પરિણામે તે માણસ ગુનાહ કરવાથી બચી જાય છે.

એક સહાબી (રદી.)એ હુઝૂર (સલ.)ને પ્રશ્ન કર્યો કે અલ્લાહના નજીક સૌથી અફઝલ અને કિયામતના દિવસે સૌથી ઉચ્ચ ઈબાદત કઈ છે ? આપ (સલ.) એ ફરમાવ્યું : અલ્લાહ તઆલાનો ઝિક્ર !(જામિઉલ ઉસૂલ : ૪ / ૪૭૫)

અન્ય એક હદીસમાં છે કે "જે ઘરમાં અલ્લાહનો ઝિક્ર થાય છે અને જે ઘર ઝિક્ર વિહોળુ છે તેનું ઉદાહરણ મૃતક અને જીવિત જેવું છે."(એટલે કે જે ઘરમાં ઝિક્ર થતો હોય તે જીવિત છે અને જે ઘરમાં ઝિક્ર ન થતો હોય તે મૃતક જેવું છે.

આ સિવાય પણ ઘણી હદીસો ઝિક્રની અગત્યતાને પુરવાર કરે.

માટે દરેક માણસે આ તદન સરળ ઈબાદતને મુશ્કેલ ન બનાવવી જોઈએ, અને તેમાં આળસ કરવી જોઈએ નહીં, બલકે હરતાં ફરતાં, જયારે પણ સમય મળે અલ્લાહનો ઝિક્ર (જેમ કે તસ્બીહે ફાતિમા, પેહલો કલીમો, દુરૂદ શરીફ, ઈસ્તિગ્ફાર, મસ્નૂન દુઆઓ વગેરે) વધુ પ્રમાણમાં કરીને અલ્લાહ તઆલા સાથે પોતાના સંબંધને વધુથી વધુ મજબુત બનાવવાનો પ્રયાસ કરવો જોઈએ. એ જ માણસની અસલી પૂંજી છે.

માણસ જેટલો ઝિક્ર કરે છે એટલો અલ્લાહ તઆલાના નિકટ થાય છે અને ઝિક્ર કરવાની અલ્લાહ તઆલાના અન્ય આદેશો બજાવવામાં ખૂબ મઝા આવે છે. અલ્લાહનો ઝિક્ર કરવાની સામાન્ય પણે માનવીનું મન એકંદરે અલ્લાહ પ્રતિ આકર્ષાય છે. અને તેને દરેક કામ કરતા પહેલા અલ્લાહ તઆલાનો છે ખ્યાલ આવતો હોય છે.

માટે ઝિક્રની ટેવ પાડો, આળસાઈ તથા અન્ય વ્યર્થ કામોને છોડી આખિરતની ફિકરમાં લાગી જાવ. અલ્લાહ તઆલા દરેકને વધુથી વધુ અલ્લાહ તઆલાનો ઝિક્ર કરવાની તૌફીક આપે. (આમીન) ••••

## શરઈ માર્ગદર્શન
## ફતાવા વિભાગ

મવ. મુફ્તી અસ્જદ
દેવલ્વી સાહેબ
તસ્દીક કર્તા
મવ. મુફ્તી અહમદ દેવલા
સદર મુફ્તી જામિઅહ જંબુસર

### ઇબાદતખાના માટે વકફ વધારાના સામાનનો ઉપયોગ.

સવાલઃ કોઈ વ્યકિતએ એક જગ્યાએ ઈબાદતખાનુ બનાવવા વિચાર્યું અને તેમાં જરૂરી સામાન લોકોએ દીધો, હજુ બન્યું નહીં, થોડું કામ થયું અને ત્યાં વસ્તી ન રહેવાથી કે બીજા કારણસર ઈબાદતખાનુ બનાવવાનું માંડી વાળ્યું તો બિન વપરાશી સામાન કે પૈસાનું શું કરવું ? જેનો છે એમને પરત કરવો કે બીજી કોઈ દીની જગ્યા એ આપી દેવો પડશે ? અને જો પુરૂં બની ગયું અને ત્યાં કોઈ રહયું નહીં તો એ ઈબાદતખાનાનું શું કરવું ? અથવા વસ્તી તો છે પણ કાયદેસર મસ્જિદ બનાવવાથી એનો ઉપયોગ નથી રહયો તો એને તોડી શકાય કે નહીં ? જો તોડી શકાય તો એના સમાનનું શું કરવું?

જવાબ : حامدا مصليا ومسلما

ઈસ્લામી શરીઅત મુજબ વકફ કરનારે જે મકસદ માટે રોકડ રકમ – સામાન આપ્યો હોય, તે જ કામમાં ઉપયોગમાં લેવો જરૂરી છે, અલબત્ત કોઈ કારણસર જે કામ અર્થે રોકડ રકમ – સામાન વકફ કર્યો હોય તે ઉપસ્થિત ન હોય અને સામાન તથા રકમ બિન વપરાશી થઈ ગઈ હોય, તો વકફ કરનારની ઈજાઝતથી અન્ય દીની કામમાં વાપરવાની ગુંજાઈશ છે.

*(શામી : ૬/૫૪૯, ફ. મહમૂદીય્યહ : ૧૫ / ૬૩ ઉપરથી)*

રજૂ કરેલ સૂરતમાં ઈબાદતખાનાની તા'મીર અર્થે ભેગા કરવામાં આવેલ બિનવપરાશી સામાન તથા રોકડ રકમને જરૂરત ન હોવાની સ્થિતિમાં આપનારાઓની ઈજાઝતથી અન્ય દીની કાર્યમાં વાપરી શકાય છે.

*(ફ. દારૂલ ઉલૂમઃ ૧૩/ ૪૭૯, ૧૪/ ૧૩૪)*

ઈબાદતખાનાની તા'મીર થઈ ગઈ હોય, પરંતુ કાયદેસર મસ્જિદના સ્વરૂપે ન હોવાના કારણે, વસ્તી હોવા છતાં આબાદ ન થયું હોય, તો પ્રથમ કોશિશ એ જ હોવી જોઈએ કે કાયદેસર મસ્જિદ બનાવી આપવામાં આવે કે

આ સૂરત ચંદો આપનારાઓના હેતુઓને પૂરી કરનાર છે અને સાથે જ મસ્જિદની તા'મીર બાબત ઈસ્લામના દ્રષ્ટિકોણ કે દરેક મહોલ્લા, વસ્તીમાં મસ્જિદ હોવી જોઈએથી બંધબેસ્તી છે, માટે એને મસ્જિદમાં રૂપાંતર કરવું જ અફઝલ ગણાશે. અને કાયદેસરની મસ્જિદમાં ફેરવવું ન હોય તો પણ એને આબાદ કરવાની કોશિશ કરવી જોઈએ કે ઘણું જ સવાલ ભર્યું કામ છે, માત્ર આબાદ ન હોવાના લઈ એને તોડવામાં ન આવે. ફકત અલ્લાહ તઆલા વધુ જાણનાર છે. *(તા.૨૯/૨/૧૪૩૨ હિજરી – ૩/૨/૨૦૧૧ ઈસ્વી)*

***તબ્લીગ જમાઅત માટે બનાવેલ રૂમ બાંગી સાહેબને વાપરવા આપવા***

સવાલઃ એક માણસે મસ્જિદમાં પૈસા આપતી વખતે એવી શરત કરી કે હું બે રૂમ બનાવી આપુ છું, તેમાં ફકત તબ્લીગ જમાઅતના માણસો તથા મુસાફિરોને વાપરવા માટે આપવા અને મસ્જિદનો માલ– સામાન રાખી શકાય, એ સિવાય મુઅઝઝિન સાહબ, ઈમામ સા. વિગેરે એનો ઉપયોગ ન કરે, આ શરત મંજૂર હોય તો હું આ બન્ને ઓરડા બનાવી આપું. હવે જયારે બન્ને રૂમ તૈયાર થઈ ગયા છે, ત્યારે બાંગી સાહબેને સુવા માટે આપે છે, મેં એમને શરત ભંગ કર્યાનું કહયું, તો તેમણે મને ટૂંક મુદતમાં ખાલી કરી દેશે, આમ કહયું, પણ હજુ સુધી રૂમ ખાલી કર્યા નથી, તો શરીઅત મુજબ બાંગી સાહેબને રાખી શકાય કે નહીં, મારી શરત મુજબ અમલ ના થાય એ હું નથી ચાહતો. શરીઅત મુજબ જવાબ આપશો.

જવાબ : حامدا مصليا ومسلما

શરઈ દ્રષ્ટિએ વકફ કરનાર વ્યકિતએ જે મકસદ અને હેતુ અર્થે કોઈ વસ્તુ વકફ કરેલ હોય, તે વસ્તુને વાકિફના મકસદ વિરૂદ્ધ ઉપયોગ કરવું જાઈઝ નથી. બલકે વકફ કરનારની શર્ત મુજબ ઉપયોગમાં લેવું જરૂરી છે

*(શામીઃ ૬/૬૬૫, ફ.મહમૂદીય્યાઃ ૧૫/૬૪ ઉપરથી)*

રજૂ કરેલ સૂરતમાં પૈસા આપી, રૂમ બાંધી આપનાર તરફથી કરવામાં આવેલ શર્તની પાબંદી શરઈ રીતે જરૂરી છે. માટે સદર બે રૂમોને બંધાવી આપનારની શર્તો મુજબ જ વપરાશમાં લેવામાં આવે અને તેનો ભંગ ન કરવામાં આવે. (ફકત અલ્લાહ તઆલા વધુ જાણનાર છે.)

(તા. ૬/ જુ. ઉલા ૧૪૩૨ હિજરી – ૧૧/ ૪ / ૨૦૧૧ ઈસ્વી)

---

બોધકથા

એક મોટું ઉકાબ અથવા ગરૂડ પક્ષી જયારે પણ શિકાર કરીને આવતું, એક કાગડો એને જોઈને ઘણો પ્રભાવિત થતો હતો.

એકવાર બકરીનું એક મોટું લવારું ઘાસ ચરતું હતું. ઉકાબે એને આસમાનેથી જોયું તો પાંખો ફેલાવીને આસમાન ઉપર દૂરનો ચકરાવો મારીને નીચે આવ્યું અને પંજામાં એને પકડીને ઊંચકી લીધું અને પોતાના ઠેકાણે લાવી મુકયું.

કાગડો આ બધું જોતો હતો. એણે વિચાર્યું કે હું પણ આમ કરી શકું એટલી શકિત તો ધરાવું જ છું. મારામાં અને ગરૂડમાં કશો તફાવત નથી. બે પાંખો, પગના પંજા અને ચાંચ મારી પાસે પણ છે. એટલે એ પણ ખુલ્લા આસમાને ઉપર ગયો, નીચે એક ઘેટું ચરતું જોયું તો દૂરથી ચક્કર મારીને ઝાપટ મારીને પંજા વડે આખા ઘેટાને ઊંચકી લેવાનો પ્રયાસ કર્યો.

પણ કાગડો તો વળી આખા ઘેટાને ઊંચકી શકતો હશે ? ઉલટા એના પંજા ઘેટાના ઉનમાં ફસાય ગયા અને પોતાના પગ છોડાવવા એ ઘેટાની પીઠ ઉપર ધમપછાડા કરવા લાગ્યો.

ઘેટાના માલિક ખેડૂતે આ દશ્ય જોયું તો ઘેટાની પીઠ ઉપરથી કાગડાને છૂટો કયો, એની પાંખો કાપી નાખી અને બાળકોને રમવા માટે આપી દીધો. ઉડવાથી અશકત કાગડાની આ દશા જોઈને બાળકોને તો મજા પડી ગઈ અને ખેડૂતને પૂછવા લાગ્યો કે આ કયું પક્ષી છે ? એનું શું નામ છે ?

ખેડૂતે બાળકોને જવાબ આપ્યો કે, એમ તો આ કાગડો જ છે, પણ તમે એને પોતાને પૂછશો તો કહેશે કે હું ગરૂડ છું.

કહાનીનો સાર આ છે કોઈ સશકત કે હિમ્મતવાન માણસની નકલ કરવાથી કંઈ નથી થતું. પ્રથમ માણસે પોતાની શકિત અને કમઝોરીઓ ઓળખવાની જરૂરત છે. અને અભિમાન કરીને પોતાને હેસિયતથી વધારે ઊંચો અને શકિતશાળી આંકવાની કોશિશ ન કરવી જોઈએ. મર્યાદામાં રહીને પોતાની હેસિયત સમજીને જ રહેવું જોઈએ. નહીંતર લોકો આવા માણસને જોઈને હસે છે અને 'તીસમારખાં' કહે છે. ● ● ● ● ● ●

# Wake up for Fajr

Here are twelve tips to wake up for Fajr in the light of Qur'an, Hadith and the Teachings of Our Elders

1. To supplicate to Allah with the following

**Rabbij Alni Muqimassalat Wamin Zurriyyati, Rabbana Wa taqabbal Duaa.**

By the blessings of this du'a, Insha Allah you and your children will be granted the ability to be punctual with your prayers.

2. If it's convenient then to take a nap in the afternoon which is also a sunnah and aids in causing a person to wake up for Fajr.

3. To have dinner early and to not overeat. Mawlana Thanwi (RA) has written that when a person eats, there comes a moment where a question arises in his mind should I continue eating or quit? The moment this question arises, a person should stop eating.

4. To not drink water before going to sleep unless there is a dire need to do so and if so, then to drink a small amount.

5. To go to sleep early otherwise the above-mentioned points will be of no benefit.

6. To perform those acts which are sunnah prior to going to sleep, refer to Beautiful Sunnahs of the Beloved Nabi (S), by Hazrat Mawlana Shah Hakeem Muhammad Akhtar Sahib (DB).

7. Prior to going to sleep tell someone to wake you up for Fajr.

8. To use an alarm clock and to put it at such a distance that one has to get up and out of their bed and walk to turn it off, by doing so the stupor of sleep will wear off.

9. To recite verse number 127 of Surah Baqarah or the last four verses of Surah Kahf before going to sleep. By reciting these verses if a person intends to wake up at a particular time, Insha Allah one will wake up on that time.

10. Immediately upon waking up, to sufficiently rub your eyes according to the sunnah, this too will cause the effects of sleep to wear off.

11. If possible, upon waking up after wiping ones' face with ones' hands recite verses 190-194 of Surah Al-Imran. This is also a sunnah. 'Ulema have written that through their experience this practice also causes the effects of sleep to go away.

12. Upon awakening from ones sleep, using ones strength and willpower immediately stand up. Never fall victim to the ploy of ones nafs that I will wake up in a little while otherwise one will miss their salaah.

---

પાછલા દિવસોમાં ખાનપૂર ખાતે જનાબ હાફેજ મૂસા ગોરધન સા. ઈન્તેકાલ ફરમાવી ગયા. અલ્લાહ તઆલા મરહૂમની મગફિરત ફરમાવે અને જન્નતુલ ફિરદોસમાં ઉચ્ચ સ્થાન નસીબ ફરમાવે. આમીન. ...

સૂરતના મશહૂર દાનવીર, નેકદિલ કોમના હમદર્દ જનાબ હાજી ઈબ્રાહીમ દાદા રહ.ના અહલિયહ મોહતરમહ સૂરત ખાતે તા. ૩૧ માર્ચ ૨૦૧૯ ના રોજ ઈન્તેકાલ ફરમાવી ગયાં. ઈન્નાલ્લિાહ.. અલ્લાહ તઆલા સગાઓને સબ્રે જમીલ અને મરહૂમહની મગફિરત કરે. જન્નતુલ ફિરદોસમાં ઉચ્ચ સ્થાન નસીબ કરે. આમીન.

વાચકોથી મરહૂમીન માટે દુઆએ મગફિરત અને ઈસાલે સવાબની દરખાસ્ત

## બાદશાહોની બુરી આદતો

બાદશાહોને ત્રણ બુરી આદતો હોય છે. (૧) દુશ્મનોનો ખોફ. (૨) અશકતો ઉપર અત્યાચાર (૩) પ્રજાના હકો અદા કરવામાં કોતાહી કરવી.

## અપમાનિત વ્યકિત

ત્રણ કામો કરનાર માણસ લોકો વચ્ચે અપમાનિત થાય છે. (૧) વગર કારણે હસવું (૨) જાગ્યા વિના આખી રાત સૂઈ રહેવું. (૩) વગર ભુખે ખાણું ખાવું.

## ભાઈ વિરુદ્ધ શયતાનની મદદ

હઝરત અબ્દુલ્લાહ બિન મસ્ઉદ રદિ. ફરમાવે છે : જયારે તમે જુઓ કે તમારા ભાઈથી કોઈ ગુનો થઈ ગયો છે તો એના વિરુદ્ધ શયતાનની મદદ ન કરો. એટલે એના બદનામી કે લાનતની દુઆ ન કરો. બલકે એના માટે અને પોતાના માટે અલ્લાહ તઆલા પાસે આફિયત માંગો.

## બાદશાહોના દરવાજે શયતાનો

ઊંટોની બેસવાની જગ્યાએ ઊંટો જ બેસ્યા હોય છે એમ બાદશાહોના દરવાજે શયતાનો બેસ્યા હોય છે. (હઝ. અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઉદ રદિ.)

## સંસારને સિમિત રાખો

હઝરત થાનવી રહ. ફરમાવે છે કે ઈસ્લામ સંસાર છોડવાની પરવાનગી નથી આપતો. અને ન તો સંસારમાં જ પરોવાયેલા રહેવાનો આદેશ આપે છે, બલકે ઈસ્લામી તાલીમનો સાર આ છે કે સંસારને સિમિત રાખે. અને પરવરદિગારનું સ્મરણ કરે.

## સૌથી વધારે ગુસ્સો

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ રદિ. ફરમાવે છે : માણસને કયામતના દિવસે સૌથી વધારે ગુસ્સો એની ઝબાન ઉપર આવશે.

## શુક્ર અને ચુરણ

ખાધા પછીનો શુક્ર એક પ્રકારનું ચુરણ છે. જેના થકી ફરીવાર આવી નેઅમત મળવી શકય બને છે. જેમ ચુરણથી ખાણું હજમ થાય છે અને ફરી વાર ખાવાની ભુખ લાગે છે. (હઝ. થાનવી રહ.)

## અભિમાની સાથે અભિમાન કરો

હઝરત અકદસ થાનવી રહ. ફરમાવે છેઃ જે લોકો દીનદારો અને મોલ્વીઓનું અપનામ કરે છે, છતાં લોકો એમની સાથે સદવર્તન કર્યે રાખે છે, મને એ પસંદ નથી. આ બાબતે તો કાયદો આ છે કે, અભિમાનીઓ સામે અભિમાન જતાવવું જ બેહતર છે. التكبر مع المتكبرين عبادة

## અમલ વગરનું ઇલ્મ પણ ...

અમલની નિય્યત ન હોય છતાં ઈલ્મ હાસિલ કરવું બેહતર છે. એનો ઘણો ફાયદો છે. જેમ કે અકાઈદ અને માન્યતાઓ સુધરે છે. એમાં કોઈ કામ નથી કરવાનું હોતું. અને કદી મોકો આવે ત્યારે ઈલ્મ હોય તો અમલની તોફીક થાય છે અને સરળતા રહે છે. •••